# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 32 Monthly

JAGRUTI SANDESH

Vol 19 Issue No. 2 - Mumbai February 2019

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



जब आँख खुले तो धरती हिन्दुस्तान की हो
जब आँख बंद हो तो यादें हिन्दुस्तान की हो
हम मर भी जाए तो कोई गम नहीं लेकिन
मरते वक्त मिट्टी हिन्दुस्तान की हो

# જેજેસી સેન્ટ્રલ બોર્ડ

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૭ ટે. નં. ૦૨૨-૬૬૯૭૩૦૩૮

## ''કર ચલેં હમ ફિદા, જાનો તન સાથિયોં...
## અબ તુમ્હારે હવાલે વતન સાથિયોં...''

કાશ્મીરમાં પુલવામા ખાતે આતંકીઓના પાપે આપણા દેશના ૪૫ જવાનોના બલિદાનને એળે ન જવા દઈએ !
ચાલો હાથોમાં હાથ મેળવીને શહીદોના પરિવારના શુન્યાવકાશને પુરવાનો પ્રયાસ કરીએ.
આયોજિત કરીએ છીએ શહીદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

# ઐ ઝિંદાદિલ જવાનો, આપકો શત્ શત્ નમન

(દેશભક્તિના ગીતો રજૂ કરશે તખ્તાના કલાકારો)

પુલવામા ખાતે થયેલાં આતંકવાદી હુમલામાં વતન માટે શહિદ થયેલાં દેશના વીર જવાનોને સદ્ગતિ પ્રાપ્ત થાય એવી પ્રભુ શરણે પ્રાર્થના કરીએ અને તેમના પરિવારજનોને દુઃખની આ સ્થિતિમાં સાંત્વના/શાતા પ્રાપ્ત થાય એવી પ્રભુને પ્રાર્થના.

આપણા વીર સપૂતોના પરિવારમાં સર્જાયેલો શુન્યાવકાશ તો કોઈપણ રીતે પૂરી શકાય તેમ નથી, પરંતુ દેશના જવાબદાર નાગરિક તરીકે દેશદાઝ પ્રગટ કરવાનો સમય આવી ગયો છે. ચાલો, આ પરિવારોને આર્થિક રીતે સક્ષમ કરવા માટે સન્માનનીય ભંડોળ એકત્ર કરીને આપણી ફરજ બજાવીએ.

જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા જેજેસી સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ હાકલ કરે છે રૂા. ૧ કરોડનું ભંડોળ એકત્ર કરવાનું. તો, આ ભંડોળ છલકાવી દેવા દરેક સભ્યોને આહ્‌વાન છે... આપનો ફાળો તુરંત નોંધાવો.

લિ.

| | |
|---|---|
| **સંજય બી. શાહ** | **જીતેન્દ્ર એસ. કોઠારી** |
| ચેરમેન : જેજેસી સેન્ટ્રલ બોર્ડ | ચેરમેન : જેજેસી સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ |

**નોંધ : કોઈપણે પોતાનું યોગદાન મોકલવું હોય તો 'જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો ચેક સેન્ટ્રલ બોર્ડની ઓફિસમાં મોકલાવી શકો છો. આ રકમ ૮૦-જી અંતર્ગત રહેશે. ટે. નં. ૦૨૨-૬૬૯૭૩૦૩૮, ૬૬૯૫૬૬૯૯**



Harkuchh.Com

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
Website: www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

**કાયમી ટ્રસ્ટી** : શ્રી હર્ષદ જે. ગાંધી

(ટ્રસ્ટીઓ)

| | |
|---|---|
| શ્રી અનિલ જી. દોશી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી રાજેશ આર. ભણસાલી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી ધર્મેશ એસ. જૈન |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.**
**કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**


**છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો ભાઈઓ તથા બહેનો - બાળકો,**

**દેશકો સમર્પિત વીર જવાનોને નતમસ્તકે**

**સૌ સૌ સલામ**

જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં જવાનો ઉપર આતંકવાદી હુમલો થયો હતો. જેમાં ૪૪ જવાનો શહિદ થયા હતા અને ૪૫ જવાનોને નાજુક હાલતમાં હોસ્પિટલમા ખસેડવા આવ્યા હતા.

અત્યારે આપણો દેશ આતંકવાદી હુમાલાને કારણે વેરવિખેર થઈ ગયો છે. જ્યાં જુઓ ત્યાં બસ એકજ ચર્ચા છે. T.V. ચેનલ હોય કે મિડીયા હોય કે ટ્રેનમાં હોય કે પછી રોડ પર ચા કે પાનના ગલ્લા પર બસ આતંકવાદની વાત ચાલે છે લોકોએ પોતાના મોબાઈલ પર પ્રોફાઈલ (ICON) પણ બદલ્યા? લોકોએ દુશ્મની દેશના ઝંડા પણ સળગાવ્યા, બુમાબુમ કરી અને સાથે ભારત બંધનું એલાન પણ કરી દીધું, સરકારને ગાળો પણ આપીને સરકારે શુ કરવુ ને શું ના કરવું તેનો વિચાર વિમર્શ પણ કર્યો.

પણ આ આતંકવાદની ઘટના કાંઈ પહેલીવાર જ નથી બની છેલ્લા દસેક વર્ષથી આપણો દેશ આતંકહમલાનો ભોગ બનતો આવ્યો છે. દરેક વખતે આજ ઘટનાક્રમને ભૂલીને પાછા લોકો પોતાને કામે લાગી જાય છે. તથા આતંકી હુમલાને ભુલી પણ જાય છે. રાજકારણી લોકો એકબીજા પર કાદવ કીચડ ઉછાળે છે, પણ આનો ભોગ તો નિર્દોષ લોકોનો જ લેવાય છે.

આવું ક્યાં સુધી ચાલશે? શું આપણે આટલુ કરીને દેશભક્તિ નિભાવ્યાનો સંતોષ માની લેવો જોઈએ? ખાલી સૈનિકોના પરિવાર પ્રત્યે હમદર્દી દાખવીને આપણે બેસી જવું જોઈએ ના? આ પરિસ્થિતિનો સામનો સૌએ સાથે મળીને કરવો જોઈએ. સૈનિકો માટેના જાહેર પ્રોગ્રામમાં તેમના પરિવારજણોને આમંત્રણ આપીને તેમનું બહુમાન કરવું જોઈએ. તેમની પરિસ્થિતિને સમજવાની કોશીષ કરવી જોઈએ. કે તેમને સીમા પર કેટલી અડચણો પડે છે. આ બધુ ત્યારે જ સંભવ બને જ્યારે આપણે તેમને નજીકથી ઓળખીએ.

આપણી રક્ષાની જવાબદાર સૈનિકો ઈમાનદારીથી કોઈપણ ભોગે

નિભાવે છે તો ચાલો આપણે પણ એક સંકલ્પ કરીએ કે જ્યારે પણ કોઈ સૈનિક તમને દેખાય તો તેને સેલ્યુટ કરીને સન્માન આપીએ.

શહીદ થયેલ દરેક જવાનોનો પરિવાર આપણોજ પરિવાર છે અને આ પ્રસંગે આ પરિવારની સંભાળ આપણી નૈતિક ફરજ સમજીને દેશભક્તિ નિભાવી છે સૈનિકો આપણી સુરક્ષા માટે જ બલિદાન આપે છે. આ બધા પરિવારને જેમ જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી ઓછામાં ઓછું ૧ કરોડ રૂપિયાનું ભંડોળ આપવાનું નક્કી કરેલ છે સાથે સાથે તેના માટે ગુરુવાર તા. ૧૪.૨.૧૯એ શ્રદ્ધાંજલિ છે. કાર્યક્રમ પણ રાખેલ છે... સાથે સાથે દરેક સેન્ટરની મેમ્બરશીપ ફુલ થઈ ગઈ હશે તથા અત્યારે દરેક ઘરોમાં નર્સરીથી માંડીને ડીગ્રી સુધીના બાળકો પરીક્ષા ફાઈનલ આપવાની તૈયારી માટે મહેનત પણ કરતા હશે. **SSC** અને **HSC**ને માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા આપવાની હોવાથી મહેનત સારી કરતાં હશે તથા દરેક વિદ્યાર્થીઓને મારા વતી **Best of Luck.**

જય હિંદ જય ભારત!

જે સૈનિક સૈન્યમા જાય છે તે પોતાની જાતને સમર્પણ કરીને જાય છે.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅનઃ જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

---

# દેશ માટે મરી ફીટનાર વીરલો

ભારતમાતાની મુક્તિ કાજે સામે પગલે ચાલીને શહાદત વહોરનાર ભારતના ક્રાંતિકારીઓમાં સરદાર કરતારસિંહનું નામ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાયું છે. એમની શહાદત, એમની નિર્ભયતા અને માતૃભૂમિ માટે મરી ફીટવાની તમન્ના અપૂર્વ હતાં.

દેશવ્યાપી વિપ્લવ યોજનાનું એક ષડ્યંત્ર રચવાના આરોપસર તેમની સામે અદાલતમાં કેસ ચલાવવામાં આવ્યો. ગુનેગારના પાંજરામાં ઊભા રહેલા આ નવજુવાનના મોં પર વિષાદની જગાએ પ્રસન્નતા પથરાઈ રહી હતી કે દેશને ખાતર પોતે કશુંક પ્રદાન કરી રહ્યો છે!

કરતારસિંહે ખીચોખીચ ભરેલી અદાલત સમક્ષ અત્યંત સાહસ અને ગૌરવપૂર્વક જણાવ્યું, ''મારા પર જે આરોપ મૂકવામાં આવ્યો છે એ આરોપની બે સજા હોઈ શકે – કાં તો કાળાં પાણીની સજા અથવા તો મૃત્યુદંડ! આ બન્ને સજામાંથી હું કાળાં પાણીની સજા કરતાં મૃત્યુદંડ વધુ પસંદ કરીશ.''

કરતારસિંહે મૅજિસ્ટ્રેટ તરફ જોઈને કહ્યું, ''તમે પણ સાંભળી લો કે હું કાળાં પાણીની સજા કરતાં મોતની સજાને શા માટે વધુ પસંદ કરું છું. હું મૃત્યુદંડ એટલા માટે પસંદ કરું છું કે મરીને ફરી અવતાર લઈને મને ફાંસીએ લટકવાનું મળે અને આવું ત્યાં સુધી ચાલુ રહે કે જ્યાં સુધી મારો દેશ આઝાદ ન બને!''

ફાંસી અપાયા પહેલાં થોડા દિવસ તેમને ફાંસીઘરમાં રાખવામાં આવ્યા હતા, જ્યાં તેમનું વજન ઘટવાને બદલે પાંચ કિલો જેટલું વધવા પામ્યું હતું!

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી.અમૃત નગર | : | ૧૮-૧-૧૯ | શાનુ એન્ડ નાનુ - નાટક | ★ |
| | : | ૨૪-૧-૧૯ | ઉરી - ફિલ્મ | ◈ |
| ● અંકલેશ્વર (લે. વિંગ) | : | ૧૧-૧-૧૯ | સ્લમ એરિયામા ફુડ પૅકેટ વિતરણ | ★ |
| | : | ૧૯-૧-૧૯ | ગેમ્સ વિથ ડીનર્સ - ગેમ શો | ★ |
| ● બોરીવલી | : | ૧૩-૧-૧૯ | ઓવી - નાટક | ◈ |
| | : | ૨૮-૧-૧૯ | સ્પીરીટ ઑફ સુફી - કવ્વાલી | ★ |
| ● ભાંડુપ - વિક્રોલી | : | ૨૯-૧-૧૯ | વિકાસ ગાંડો થયો છે - નાટક | ◈ |
| ● ચેમ્બુર | : | ૧-૧-૧૯ | બાય બાય ૨૦૧૮ મ્યુઝીકલ પ્રોગ્રામ | ★ |
| | : | ૨૨-૧-૧૯ | ધર્મોરક્ષિત- નાટક | ★ |
| ● દહીસર | : | ૩૦-૧-૧૯ | બૉલીવુડ પાર્ટી - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૨૩-૧-૧૯ | શાનુ એન્ડ નાનુ - નાટક | ★ |
| ● જેજેસી જુહુ | : | ૮-૧-૧૯ | સીમ્બા - હિંદી પિક્ચર | ◈ |
| | : | ૧૫-૧-૧૯ | ઉરી - હિંદી પિક્ચર | ◈ |
| | : | ૧૬-૧-૧૯ | મોટીવેશનલ સ્પિકર - રાહુલ કપુર | ★ |
| | : | ૨૧-૧-૧૯ | શાતિર - નાટક | ◈ |
| | : | ૨૮-૧-૧૯ | સાસુ વહુની ૨૦-૨૦ - નાટક | ◈ |
| | : | ૩૦-૧-૧૯ | મણિકર્ણિકા - પિક્ચર | ◈ |
| | : | ૩૧-૧-૧૯ | શાનુ એન્ડ નાનુ - નાટક | ◈ |
| ● જેજેસી જુહુ બીચ | : | ૧૧-૧-૧૯ | શાનુ એન્ડ નાનુ - નાટક | ✦ |
| | : | ૧૬-૧-૧૯ | ઉરી - હિંદી પિક્ચર | ◈ |
| | : | ૨૩-૧-૧૯ | Accidental prime Minister - Film | ◈ |
| | : | ૨૭-૧-૧૯ | ભારતીબેન ભુલા પડ્યા | ✦ |
| ● જેજેસી જુનાગઢ(લે.વિ) | : | ૨૧-૧-૧૯ | ન્યુ યર સેલિબ્રેશન | ★ |
| ● જેજેસી મુંબઈ | : | ૧૨-૧-૧૯ | બૉલીવુડ ક્વીઝ કમ તંબોલા - હાઉઝી ગેમ શો | ◈ |
| ● જેજેસી નૉર્થ ઈસ્ટ | : | ૧૦-૧-૧૯ | ભારતીબેન ભુલા પડ્યા | ◈ |
| | : | ૧૩-૧-૧૯ | ચરણસ્પર્શ - રાહુલ કપુર જૈન - પ્રવચન | ✦ |
| | : | ૨૧-૧-૧૯ | Accidental prime Minister - Film | ◈ |
| | : | ૨૯-૧-૧૯ | Thakre - Film | ◈ |

| | | | | |
|---|---|---|---|---|
| ● જેજેસી નૉર્થ વેસ્ટ | : | ૧૩-૧-૧૯ | ચરણસ્પર્શ – રાહુલ કપુર જૈન – પ્રવચન | ◈ |
| | : | ૧૫-૧-૧૯ | AccidentalprimeMinister - Film | ◈ |
| | : | ૧૬-૧-૧૯ | ભારતીબેન ભુલા પડ્યા | ◈ |
| | : | ૧૭-૧-૧૯ | સીમ્બા – હિંદી પિક્ચર (Only Ladies) | ◈ |
| ● જેજેસી સાયન-માટુંગા | : | ૬-૧-૧૯ | Milestone Musical Melody | * |
| | : | ૨૬-૧-૧૯ | વન ડે પિકનીક – માંડવી હીલ રિસોર્ટ | * |
| | : | ૨૭-૧-૧૯ | શાનુ એન્ડ નાનુ – નાટક | ◈ |
| ● કાંદિવલી | : | ૩૦-૩૧/૧/૧૯ | મ્યુઝીકલ નાઈટ – હા અમે ગુજરાતી – ઑર્કેસ્ટ્રા | * |
| | : | ૩૧/૧૨/૧૮ | બાય બાય ૨૦૧૮ વેલકમ ૨૦૧૯ – (કારનીવલ) ઑર્કેસ્ટ્રા | * |
| ● લેડીઝ વિંગ સે. મુંબઈ | : | ૧૭-૧-૧૯ | I Card with Hi Tea– નાટક | ◈ |
| | : | ૨૩-૧-૧૯ | સાસુ વહુની ૨૦-૨૦ – નાટક | ◈ |
| ● મુલુંડ | : | ૯-૧૦/૧-૧૯ | બરફના ચહેરા – નાટક | ◈ |
| | : | ૨૨-૨૩/૧-૧૯ | એક ચતુર નાર ભારે હોશિયાર– નાટક | ◈ |
| ● મલાડ | : | ૧-૧-૧૯ | ન્યુ યર સેલીબ્રેશ પ્રોગ્રામ એક્સપ્રેસ ઈન હૉટેલ | * |
| | : | ૬-૧-૧૯ | ફન ફેર –આનંદમેળો | ◈ |
| ● જેજેસી પનવેલ | : | ૧૩-૨-૧૯ | મારો વર પાછો કર – નાટક | * |
| ● જેજેસી પેડર રોડ | : | ૧૯-૧-૧૯ | વિકાસ ગાંડો થયો છે – નાટક | ◈ |
| | : | ૨૦-૧-૧૯ | ઉરી – ફિલ્મ | ◈ |
| ● રજવાડી | : | ૧૩-૧-૧૯ | પોંક પાર્ટી (ગેટ ટુ ગેદર) ઑર્કેસ્ટ્રા | * |
| | : | ૬-૧-૧૯ | એસએલવર્ડ પિકનીક | * |
| | : | ૯-૧-૧૯ | સિમ્બા – ફિલ્મ | ✦ |
| | : | ૧૭-૧-૧૯ | ઉરી – ફિલ્મ | ✦ |
| | : | ૨૪-૧-૧૯ | શિવાનીબેન– પ્રવચન | * |
| ● શિવાજી પાર્ક | : | ૨૪-૧-૧૯ | દેવયાની બેન્દ્રે – કવ્વાલી | ◈ |
| ● વાશી | : | ૩-૧-૧૯ | કલર્સ ઑફ મ્યુઝીક – રાજેન્દ્ર પાલા | ◈ |
| | : | ૨૧-૧-૧૯ | AccidentalprimeMinister - Film | ✦ |
| | : | ૨૪-૧-૧૯ | ઉરી – ફિલ્મ | ✦ |
| | : | ૨૯-૧-૧૯ | અમૃતા ગાંધી નૉટ ગિલ્ટી –નાટક | ◈ |
| ● વાપી (લે. વિંગ) | : | ૨૨-૧-૧૯ | બોલીવુડ ડાન્સ પાર્ટી – ઑર્કેસ્ટ્રા | * |

સંજ્ઞા : જમણ સાથે * જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## MARCH CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Kolhapur | 08-03-2009 | Mahendra Jain | 9689894460 | Vinod Parekh | 9850166877 |
| 2 | Mehsana | 13-03-1994 | Vimal Shah | 9825096330 | Brijesh Shah | 9426311627 |
| 3 | Ladies Wing Junagadh | 18-03-2018 | Amishi Gandhi | 9824610900 | Sonal Avalani | 9429373970 |
| 4 | Ladies Wing Anjar | 20-03-2016 | Daxa Chudgar | 9408204375 | Jayshri Haria | 9408244222 |
| 5 | Sudan | 26-03-2010 | Mahendra Bavishi | +249 91 2303993 | Haresh Patwa | +249 91 2394578 |
| 6 | Junagadh | 29-03-1997 | Jaydeep Parekh | 9428622556 | Jayesh Avlani | 9898026715 |

## JJC CENTRAL BOARD



**Name** : Jayanti K. Chhadva

**Marriage Date** : 21-03-1976

**Mobile No.** : 9821120217

**Email ID** : jayantichhadva@gmail.com

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : Jitendra S. Kothari

**Date of Birth** : 23-03-1952

**Mobile No.** : 9821012321

**Email ID** : jitukothari@gmail.com

## ફીઝીકલ શેઅર્સ વિષે મહત્વની માહિતી

સેબી એ ફીઝીકલ શેઅર્સ (લિસ્ટેડ કંપની) ટ્રાન્સફરની છેલ્લી તા. ૩૧-૩-૨૦૧૯ કરી છે.

તા. ૧-૧૨-૨૦૧૫થી સેલર્સ પેન કાર્ડ કંપલસરી થઈ ગયું હતું અને ઘણા રોકાણકારો અટવાઈ ગયા હતા. જો તમારી પાસે આજે પણ કોઈ પણ કંપનીના શેર્સ જે તમારા પેન કાર્ડના નામ પ્રમાણે ન હોય અથવા સ્પેસીફીકલી...

૧) પેન કાર્ડ રાજેશ મહેન્દ્ર શાહ છે પણ સર્ટિફિકેટ ઉપર આર. એમ. શાહ, શાહ રાજેશ એમ. વગેરે હોય.

૨) બે અટક હોય-રાજેશ શાહ અને રાજેશ જૈન હોય પણ પેન કાર્ડ રાજેશ જૈનનું નથી,

૩) શેર્સ એમ્પ્લોઈ, ફ્રેન્ડ, રિલેટીવના નામ પર હોય,

૪) બેનામી શેઅર્સ હોય,

૫) અપરિણીત બહેન કે ભાઈઓ હવે પરદેશ સેટલ થઈ ગયા હોય,

૬) સર્ટિફિકેટ ટાઈપિંગ ક્ષતિ હોય,

૭) બજારમાંથી ખરીદી કરેલ હોય અને બેડ ડિલિવરીમાં શેઅર્સ પાછા આવ્યા હોય.

કે કોઈપણ કારણના લીધે તમારા નામ પર શેઅર્સ ન હોય તો સેબીના નવેમ્બર ૬,૨૦૧૮ સરક્યુલર પ્રમાણે

૧) તમારે જૂનું ટ્રાન્સફર ડીડ (૧-૧૨-૨૦૧૮ પહેલાનું) જેમાં સેલરની સાઈન અને વીટનેસ હોવી જરૂરી છે.

૨) નવું ટ્રાન્સફર ડીડ હોય જેમાં સેલર્સની સાઈન અને વિટનેસની સાઈન ન હોવી જોઈએ,

૩) ૦.૨૫% શેઅર્સ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે.

૪) ખરીદનાર સેલ્ફ એટેસ્ટેડ પેન કાર્ડ સાથે રજિસ્ટ્રાર અથવા કંપનીને મોકલવું.

તમારે એડિશનલી અન્ડરટેકિંગ કમ ઈન્ડેમ્નિટી બોન્ડ રૂ. ૫૦૦/-ના સ્ટેમ્પ પેપર પર નોટરી કરીને આપવું પડશે. આમાં સેલર્સનું પેન કાર્ડ નહીં હોય અને સેલર્સની સહી મીસમેચ હશે અને સેલર નોન-ટ્રેસેબલ હશે તો પણ આ શેઅર્સ તમારા નામે થઈ શકશે.

કોઈ પણ જાતની ગાઈડન્સ જોઈતી હશે તો તમે ફોન કરીને રાજેશભાઈની ઑફિસે જઈ શકો છો. (શનિવારે ૩.૦૦થી ૬.૦૦) ઓફીસ ફોન - ૨૩૦૧૦૭૭૧

**એડ્રેસ :**

રાજેશ શાહ, પૂર્વા શેઅરજિસ્ટ્રી (ઈન્ડિયા) પ્રા. લિ.
૯, શિવશક્તિ ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટ (લોઢા એક્સેલસની બાજુમાં),
આર્થર રોડ જેલની ગલીમાં,
લોઅર પરેલ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૧૧.
મોબાઈલ : ૯૯૬૯૦૫૩૦૦૫ (રાત્રે ૮-૯ દરમ્યાન)

# सुखी कौन?
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

किसी शहर में एक भिखारी रहता था, वह अकेला था उसका कोई घर नहीं था, कुछ सामान के साथ वह वर्षो से,गटर के बडे पाईप में रहता था। उसे गटर के पाईप को अपना मकान (रहने का स्थान) बना रखा था। दिन भर वह शहर में, भीख मांगने चला जाता था और जो कुछ उसे भीख में मिलता उससे उसका गुजरान चलता था। बस वह भिखारी अपनी दिनचर्या में मस्त था, रात को वह निश्चिन्त होकर गहरी निन्द्रा में सो जाता था, उसे किसी प्रकार की कोई तकलीफ नहीं थई। वर्षो से उसका जीवन चल रहा था। गटर के बडे पाईप शहर के पास पडे हुये थे, मानो ये पाईप किसी बडे नेता के इन्तजार में भिखारी के घर बन गये हो।

एक रात्रि को भिखारी, जब गहरी निन्द में सोया था। रात्रि के अन्तिम प्रहर में भिखारी सुन्दर स्वप्न देख रहा है। सपने में भिखारी के सामने देवी प्रकट हुई और कह रही है उठ इस गटर के पाईप में कब तक रहेगा? में तुझ पर प्रसन्न हूँ, माँग तुझे क्या चाहिये। भिखारी कहता है देवी में वर्षो से इस गटर के पाईप में पडा हूँ, मेरा कोई आगे पीछे नहीं है। मैं एक अच्छे मकान में रहना चाहता हूँ, देवी ने उसको साथ लिया, और उस शहर के कुछ अच्छे मकान दिखाये।

भिखारी मकान देख रहा है, उसमे उसे कोई खास अच्छे मकान नहीं दिखे। भिखारी चलते चलते एक आठ मन्जिल हवेली के पास रुका और उस हवेली को देखने लगा। देवी उस के पास खडी है, इधर हवेली में रहने वाले रतनलाल सेठ नीचे उतरे शेठ को देख भीखारी प्रसन्न होता है। मन ही मन वह सोचने लगा यह सेठ बहुत सुखी दिख रहा है, बस वह देवी से कहने लगा इस सेठ के पास जो सुख सम्पति है, ऐसी मुझे देने की कृपा करावें, मुझ इस से ज्यादा नहीं चाहिये, बस इसके जितनी सम्पति और इसके जैसा मकान मुझे चल जाएगा।

देवी ''तथास्तु'' कह कर अद्रश्य हो गई, अब वह भिखारी सेठ के पास आता है, देवी तो अपना काम कर के चली गई किन्तु भिखारी के मन मैं उतार चडाव आने लगे। उसने शेठ के नजदीक जाकर उन्हें जय जिनेन्द्र किया एवं सेठ के हाल चाल पूछे। सेठ के पास जितनी धन सम्पति है, वह अब भिखारी को मिलने वाली थी। भिखारी की जिज्ञासा बढ रही थी, उसने सेठ से पूछा सेठजी सेठजी आप के पास कितनी सम्पत्ति है, सेठ कुछ सोचने के बाद कहने लगे - मेरी ये हवेली आठ मन्जिल, मेरा बैंक बेलेन्स आठ करोड रूपिया, आठ किलो सोना, आठ क्विन्टल चाँदी और आठ करोड के हीरे साथ ही आठ एकड जमीन इतनी सम्पत्ति का में मालिक हूँ।

सेठ ने अपनी सारी सम्पत्ति का अहवाल, भीखारी को कह सुनाया सेठ आगे कह रहे है, इस सम्पत्ति के आज से तुम मालिक हो, यह हवेली में आपको दे रहा हूँ, मेरी सारी सम्पत्ति आज से तुम्हारे नाम। मुझे पिछले दो वर्ष से गले में केन्सर है और यह केन्सर लास्ट स्टेज पर है। इस सम्पत्ति के साथ केन्सर भी तुम ले लो, मै अकेला हूँ मेरे परिवार वाले मुझे छोड कर चले गये है, मैं केन्सर की भयंकर पीडा से दुःखी हूँ बस आ जाओ मेरे पास मुझसे गले मिलो और केन्सर के साथ सारी सम्पत्ति मकान आदि सब अभी से तुम्हारा। भिखारी स्वप्न देख रहा छा, देवी एवं सेठ से स्वप्न में बातें कर रहा था। सेठ को केन्सर की बिमारी सुनकर, भिखारी घबरा गया एवं निन्द में ही वह बड-बडाने लगा नहीं चाहिये मुझे केन्सर भरी जिन्दगी, नहीं चाहिये मुझे मकान सम्पत्ति, मै अपनी जगह ठीक हूँ।

भिखारी स्वप्न से जाग जाता है और वह अपने गले में हाथ फिरा कर देखता है, कहीं मुझे केन्सर तो नहीं हो गया, वह मन ही मन देवी की मन्नत मानता है और कहता है में इस गटर के पाईप में ठीक हूँ, मुझे सेठ की सम्पत्ति एवं दुःख

नहीं चाहिये। मेरी इस दिन चर्या में मुझे सुख एवं शान्ति का अनुभव हो रहा है, मैं इस सम्पत्ति के चक्कर में दुःख लेना नहीं चाहता हूँ। हमें जो मिला है वह अपने कर्म के फल से मिला है, इससे अधिक की इच्छा रखना, विनाश का कारण है, वैसे भी सम्पत्ति में सुख है ही नहीं! हमारी यह भ्रमणा है की मकान, अच्छी पत्नी, अच्छे बच्चे, अच्छा व्यवहार, रुपये, सोना चाँदी आदि मिल जायेंगे तो मैं सुखी हो जाऊँगा। यह सुख की निरी कल्पना है और कल्पना में सुख होता ही नहीं! पुण्य के उदय से ही सारी चीजें, आप की इच्छा अनुसार मिल भी गई तो, इन सुख के साधनों के साथ जो दुःख आयेगा, उसको आप सहन नहीं कर पायेंगे और ज्यादा दुःखी हो जायेंगे। सुख सम्पत्ति में नहीं, हमारी आत्मा में छिपा है, उसे प्रगट करने की जरूरत है, आत्मा में छिपा सुख जब प्रकट हो जाएगा तो उसके सामने, ये संसार के सुख फीके हो जायेंगे। हमें इस तरह सौचना है, मुझे संसार मे रहना है, तो कुछ वस्तुओ की जरूर आवश्यकता रहेगी, मुझे आवश्यकता अनुसार संसार की सारी चीजें मिल जाये बस है और बाकी सारा संसार का सुख, भगवान संसार में रहने वाले सभी प्राणियों को दे। मुझे जो मिला है उसमें मैं सन्तुष्ट हूँ, तभी मुझे संसार के सुख साधनों में सुख का अनुभव होगा, वर्ना औरों के सुख साधन देख कर, जो हम दुःखी हो गये तो सुख मिलना मुश्किल हो जाएगा।

ज्ञानी हमें यही समझाते है, ईच्छाओं को सिमित रखो, व्यर्थ के सपने देखना छोडो। हमें अपने कर्मो के उदय से, पुण्य पाप के उदय से जो कुछ मिला है उसमें शान्ति का अनुभव करना है अपनी आत्मा में रही दिव्य ज्योति को प्रकटा कर सुखी जीवन जीने का प्रयास करें, कुछ पाने की इच्छा के पहले हमें अपने कर्मो की ओर देखना होगा, एवं सन्तुष्ट होना, ही सुख की परिभाषा है।


"પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર"

# જેજેસી કાંદિવલી

## દસમ યુવક-યુવતી પરિચય સંમેલન

જેજેસી કાંદિવલી દ્વારા દસમ યુવક-યુવતી પરિચય સંમેલન રવિવાર. તા.૨૧.૦૪.૨૦૧૯ ના રોજ કાંદિવલી, મુંબઈ મુકામે રાખેલ છે.

આ યુવા મેળામાં જે ઉમેદવારની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની હશે અને જન્મે જૈન હશે (કોઈપણ ફીરકાના) અને જેઓ મીનીમમ ગ્રેજ્યુએટ ભણેલા હશે તેમનો જ સમાવેશ કરવામાં આવશે.

**વધુ વિગત માટે :**
૯૮૬૯૭૮૭૪૩૯ / ૯૮૨૧૦૫૦૧૬૯ / ૯૯૨૦૭૨૨૫૪૨
અથવા સંસ્થાની ઓફીસમાં (૦૨૨-૨૮૬૬૦૧૬૯- ગુરૂવાર સમય ૪ થી ૬ અને રવિવાર-સવારે ૧૦ થી ૧૨. ઉપર સંપર્ક સાધવા વિનંતી.

Online Registration પણ શક્ય છે.
Website : www.jjckandivali.com

ADVT

## અમેરિકા, યુ.કે., કેનેડા-વિઝા સમસ્યાઓનો ઉકેલ

# FREE Consultation

વીઝા Success 95%

● અમેરીકા પુત્ર-પુત્રીનાં **કોન્વોકેશન,** ડિલીવરી કે મે/જૂન **વેકેશનમાં** પરિવાર સાથે જવુ છે?

● જેમના **૧૦ વર્ષના** અમેરીકાના વિઝિટર વીઝા પુરા થયા હોય અને **ઈન્ટરવ્યુ વિના રીન્યુ કરાવવા હોય**

● **અગાઉ વારંવાર (11 વાર સુધી)**

વીઝા ન મળ્યા હોય તો પણ યોગ્ય માર્ગદર્શન દ્વારા સફળતા પૂર્વક વીઝા મેળવ્યા છે. પુરાવા રૂબરૂ મળશે.

● અમેરીકામાં અભ્યાસ કરતા સ્ટુડન્ટના પત્ની (F2), નોકરીયાત (H1, H4) કે (USMLE), CPA, L1, મંદીરના પૂજારી અને પરિવાર (R1,R2) તથા તમામ **ફેમીલી ઈમીગ્રેશન** ના નિષ્ણાંત

● **USA બીઝનેસ વીઝા ....**

ટ્રેડફેર કે એક્ઝીબીશનમાં માટે.

અગાઉથી ફોન/ઈ-મેઈલ દ્વારા એપોઈન્ટમેન્ટ મેળવો.



ADVT

## ગુડ વિન્ડ ટ્રાવેલ્સ પ્રા. લિ. (Since 1965)

Email : natubhai_shah@yahoo.co.in www.goodwindtravels.com

અમદાવાદ : ૧૦૨, અનિકેત, મ્યુનિ.માર્કેટ પાસે, સી. જી.રોડ, નવરંગપુરા.

ફોન : (079) 26461166, 26465588, 9909012958

૫૫ વર્ષના અનુભવી અને ૫૫,૦૦૦થી વધુ પ્રવાસીઓની સફળ કાર્યવાહી

# શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

ચીમનભાઈ ચકુભાઈ શાહ

૧૯૧૫માં ગાંધીજી હિન્દુસ્તાન આવ્યા અને શ્રીમદ્ જયંતી દર વર્ષે ઊજવાતી ત્યારે તેઓ શ્રીમદ વિશે ખૂબ આદર અને ભક્તિથી બોલતા અને છેવટ ૧૯૨૬માં આત્મકથામાં શ્રીમદ્ સાથેના પોતાના ગાઢ પરિચય અને પ્રભાવવનો ઉલ્લેખ કર્યો ત્યારે શ્રીમદ્ દેશમાં એ દુનિયામાં જાણીતા થયા.

શ્રીમદ્ રાજચંદ્રે લખવા ખાતર એક પણ શબ્દ લખ્યો નથી. અંતરસ્ફુરણા થતી ત્યારે તેઓ પોતાની નોંધપોથીમાં ટપકાવી લેતા. સદ્ભાગ્યે એમણે લખેલા પત્રો મોટી સંખ્યામાં જળવાઈ રહ્યા છે. એમાં એમનું અંતર ઠલવાયું છે.એમની ભાષા અત્યંત મિતાક્ષરી અને જૈન પરિભાષાથી ભરપૂર હોઈ કેટલીક વખત સમજવી મુશ્કેલ થઈ પડે છે.

શ્રીમદ્ રાજચંદ્રનું બાહ્ય જીવન બહુ હકીકતોથી ભરપૂર નથી. એમનું ખરું જીવનઅંતરનું છે. એમના નિકટના પરિચયમાં આવનારાઓમાંથી કોઈએ ખાસ સંસ્મરણો લખ્યાં નથી. ગાંધીજી થોડુંક લખ્યું છે. શ્રીમદ્નું પોતાનું થોડું આત્મકથા જેવુ ંલખાણ છે. એમના વિશે કેટલીક ચમત્કારિક વાતો છે, જેવી કે જ્યોતિષના જ્ઞાનની, જાતિસ્મરણીય જ્ઞાનની વગરે. એમનાં લખાણો વાંચ્યા પછી એમ નહિ કહેવાય કે આ વાતો પાયા વિનાની છે.

કાઠિયાવાડના લવાણિયા ગામે સંવત ૧૯૨૪માં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. સાત વર્ષની ઉંમરે શાળામાં શિક્ષણ અર્થે ગયા. તેમની સ્મરણશક્તિ અદ્ભુત હતી. ચાર વર્ષમાં ગુજરાતી શાળામાં અભ્યાસ પૂરો કર્યો. તે વર્ષે પિતાની દુકાને બેસવાનું શરૂ કર્યું.

પિતા વૈષ્ણવ હતા, માતા સ્થાનકવાસી જૈન હતા, પરંતુ તેર વર્ષની વય સુધી શ્રીમદ્ને જૈન લોકો ભણી 'જુગુપ્સા' હતી, કારણ કે જૈનો ઈશ્વર જગતનો કર્તા છે તેમ માનતા નથી. પરંતુ જૈનોનાં પ્રતિક્રમણસૂત્ર વગેરે પુસ્તકો તેમના જોવામાં આવ્યાં તેમાં જગતના સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ અને મૈત્રીનું પ્રતિપાદન કર્યું છે તે તેમના પ્રેમાળ સ્વભાવને રુચિ ગયું. નાનપણથી જ વૈરાગ્યપ્રધાન તેમનુ ચિત્ત, ભોગપ્રધાન વૈષ્ણવ સંપ્રદાય કરતા ત્યાગપ્રધાન જૈન ધર્મ તરફ વધારે ને વધારે ખેંચાતું ગયું. પછી માત્ર ત્રણ વર્ષમાં, સોળમે વર્ષે શ્રીમદે મોક્ષમાળા લખી. એમાં સંપૂર્ણપણે જૈનદર્શન જોવા મળે છે.

પ્રાકૃત ભાષાનો અને આગમો તથી ઈતર જૈન સાહિત્યનો ક્યારે એ કેવી રીતે અભ્યાસ કર્યો તેની કોઈ માહિતી નથી, પણ મોક્ષમાળા બતાવે છે કે જૈનદર્શનનું હાર્દ પૂર્ણપણે પામ્યા છે અને સ્વીકાર્યું છે. કથાઓ દ્વારા સરળ ભાષામાં જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો સામાન્ય માણસ સમજી શકે તેવી રીતે મોક્ષમાળામાં ગૂંથ્યા છે.

સાત વર્ષની નાની વયે બનેલા એક અગત્યના બનાવની નોંધ લેવા જેવી છે. તેમના કુટુંબના પરિચિત એક ગૃહસ્થનું સાપ કરડવાથી અકાળે અવસાન થયું. બન્ને પરસ્પર ભાવ હતો, તેમના ગુજરી જવાનીવાત સાંભળી રાયચંદ દોડતા જઈ પોતાના દાદાને એમ કે આ બધી વાતો સાંભળી નાનો બાળક ગભરાશે. આથી વાત ભુલાવવા પ્રયત્ન કરવાલાગ્ય, પરંતુ રાયચંદ થોડી વારે તળાવ પર દોડી ગયા. ત્યાં એક ઝાડ પર ચડી દૂરથી જોવા લાગ્યા તો ચિંતા સળગતી હતી. ચોપાસ પરિચિત લોકોને જોયા. તેમને વિચાર આવ્યો કે આ શું છે? તેમના ચિત્તમાં ભારે મૂંઝવણ ઊભી થઈ. તે વખતે જ

અચાનક તેમના ચિત્ત પરથી કાંઈક પડદો સરી ગયો અને પૂર્વજન્મનું કંઈક દર્શન થયું.

દરમિયાન, શ્રીમદ્ ઘણું ફર્યા. એમની યાદદાસ્ત એટલી જબરી હતી કે એમણે અવધાનના પ્રયોગો આદર્યા. ૧૯ વર્ષની વયે તેઓ મુંબઈ આવ્યા. અહીં એમણે સો અવધાનોના પ્રયોગો કર્યા. એમનામાં જ્યોતિષનું અદ્‌ભુત જ્ઞાત હતું, પરંતુ માત્ર ૨૦ વર્ષની વયે તેમણે આ બધી ઉપલબ્ધિઓ છોડી. જ્યોતિષ, સ્મરણશક્તિના પ્રયોગો પૂર્વભવની વાત કહેવાનું વગેરે છોડ્યું. એમને થયું કે આ બધાં આત્મજ્ઞાન માટે સાચાં સાધનો નથી. એનાથી કીર્તિ જરૂર મળે છે, પણ આત્મનજ્ઞાન ક્યાંથી મેળવવું? એમનું એકમાત્ર લક્ષ્ય આત્મસાધના કરવાનું હતું, તો આવી બધી ઉપાધીઓમાં એ પડે તો આ લક્ષ્ય વીસરી જવાર એથી એ બધું છોડ્યું.

શ્રીમદ્ રાજચંદ્રે ૧૯ વર્ષની વયે સદ્‌ગત ઝવેરી રેવાશંકરભાઈ જગજીવનદાસ મહેતાના મોટા ભાઈ પોપટલાલનાં પુત્રી ઝબકબાઈ સાથે લગ્ન કર્યું અને તેમની સાથે મુંબઈમાં ઝવેરાતના ધંધામાં જોડાયા. ૨૮ વર્ષ સુધીના એમના જીવનકાળને શ્રીમદે ઉપાધિકાળ કહ્યો છે આ ગાળા દરમિયાન ગૃહસ્થાશ્રમ રહ્યો અને વ્યાપારમાં હતા. ઝવેરાતના વ્યાપારમાં અત્યંત કુશળ હતા અને પ્રામાણિકતાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી, પણ આ બધાને સંસારની માયા અને પંરપંચ માન્યો હતો અને પ્રારબ્ધકર્મ ભોગવે છૂટકો એમ માની વધતી જતી ઉદાસીનતાથી સહન કર્યું હતું.

આ સમય દરમિયાન મુમુક્ષુઓ સાથે સારા પ્રમાણમાં પત્રવ્યવહાર એ સમાગમ ચાલુ હતા. એમને એકાંતમાં જવાની ખૂબ ઈચ્છા રહેતી વખતોવખત તેઓ એકાંત મેળવવા ચરોતર, ઈડરનાં જંગલો અને પહાડો વગેરે સ્થળોએ ચાલી જતા.

શ્રીમદ્ રાજચંદ્રે કોઈ નવો ધર્મ સ્થાપ્યો નથી. એમના વિચારોમાં, ઉદ્‌ગારોમાં જૈનદર્શનનું જ પ્રતિબિંબ છે. એમના શબ્દેશબ્દમાં જૈનદર્શન છે. સાત વર્ષના ઉપાધિકાળને અંત એમણે વ્યાપરમાંથી છૂટા થવાનું વિચાર્યું અને ચરોતરમાં હતા ત્યાંથી એમણે રેવાશંકરભાઈને કાગળ લખીને પોતાનો વિચાર અને નિર્ણય જણાવી દીધા.

એ પછી ૨૮થી ૩૩ સુધીના પાંચ વર્ષના ગાળામાં એમણે તપશ્ચર્યા કરી. લઘુરાજજી સ્વામી અને અન્ય સાધુઓ તથા મુમુક્ષુઓને માર્ગદર્શન કરતા રહ્યા. આ બધામાં સાયલાના સૌભાગ્યભાઈનું સ્થાન સૌથી મહત્ત્વનું રહ્યું હતું. શ્રીમદ્‌ને સૌભાગ્યભાઈ વિશે ખૂબ આદર હતો. સૌભાગ્યભાઈને શ્રીમદ્ પ્રત્યે અનહદ ભક્તિભાવ હતો. સૌભાગ્યભાઈની માગણીથી શ્રીમદે આત્મસિદ્ધિ ગ્રંથ લખ્યો. તે સમયે નડિયાદ હતા. સાંજે ફરીને પાછા આવ્યા અને અંબાલાલભાઈ હાથમાં ફાનસ લઈ ઊભા રહ્યા અને બે કલાકમાં એકધારી રીતે આત્મસિદ્ધિ ગ્રંથ લખી નાખ્યો. જૈનદર્શન સમજવા માટે આ અદ્‌ભુત ગ્રંથ છે. શ્રીમદ્ કવિ હતા. દોહરામાં સરળ ભાષામાં ગહન તત્ત્વજ્ઞાનયુક્ત માત્ર ૧૪૨ શ્લોકમાં જૈનદર્શનનો સાર આપી દીધો.

શ્રીમદે પોતાના શરીર પાસેથી ખૂબ કામ લીધું હતું. આત્માના તેજને પ્રગટાવવા માટે એમણે દેહને કૃ કરી નાખવાનું ઘણી વાર કહ્યું. છ આહાર, વિહાર વગેરેમાં ચિંતન હોય, જંગલમાં ફરવા નીકળતા ત્યારે વેગપૂર્વક દોડતા, ગાથાઓ ગાતા મસ્ત થઈ જતા. શ્રીમદ્‌ને અપૂર્વ આત્મજ્ઞાન હોવા છતાં જાહેર ઉપદેશ ન આપવો એવો તેમણે નિર્ણય કર્યો હતો. ગૃહસ્થાશ્રમમાં હોય ત્યાં સુધી, પોતાનો બાહ્ય વ્યવહાર અને ભગવાન મહાવીરનો ત્યાગ અને સંસારનિવૃત્તિનો ઉપદેશ, સુસંગત ન લાગે. તેથી સર્વસંગપરિત્યાગ સર્વસંગપરિત્યાગ ન થાય ત્યાં સુધી જાહેર ઉપદેશ ન આપવો એમ નિર્ણય કર્યો. સંસાર

સર્વથા ત્યાગ કરવાની તીવ્ર ઈચ્છા હતી, પણ માતાની આજ્ઞા ન મળી અને દરમિયાન શરીર લથડ્યું અને ૩૩ વર્ષની વયે, સંવત ૧૯૫૭ના ચૈત્ર વદી પાંચમ ને મંગળવારે રાજકોટમાં દેહત્યાગ કરી ગયા.

અંતિમ સમયે લગભગ કેવળજ્ઞાનની ભૂમિકા જાગી હતી એમ શ્રીમદે કહ્યું છે. શ્રીમદ્‌ના પોતાના શબ્દોમાં તેમની અંતરદશાની કોઈની ઝાંખી થાય તે માટે તેમનાં લખાણોમાંથી કેટલાક ફકરા આપું છું.

'દુઃખિયા મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો ખચિત તેના શિરોભાગમાં હું આવી શકું... તમે મને સ્ત્રીના સંબંધી, લક્ષ્મીના સંબંધી, કીર્તિના સંબંધી, ભયસંબંધી કે કાયાના સંબંધી અથવા (એ) સર્વ સંબંધે કંઈ દુઃખી લેખશો નહીં, મને દુઃખ બીજી રીતિનું છે. દરદ વાતનું નથી, કફનું નથી કે પિત્તનું નથી. તે શરીરનું નથી, વચનનું નથી કે મનનું નથી. ગણો તો બધાયનું છે અને ન ગણો તો એક્કેનું નથી, પરંતુ મારી વિજ્ઞાપના તે નહીં ગણવા માટે છે, કારણ એમાં કાંઈ ઑર મર્મ રહ્યો છે.'

'તમે જરૂર માનજો કે હું વિના દીવાનપણે આ કલમ ચલાવું છું... આ દેહમાં મેં મુખ્યે બે ભવ કર્યો છે. અમુખ્યનો હિસાબ નથી. નાનપણથી નાની સમજણમાં કોમ જાણે ક્યાંથીય મોટી કલ્પનાઓ આવતી. સુખની જિજ્ઞાસા પણ ઓછી નહોતી. અને સુખમાં પણ મહાલય, બાગ બગીચા, લાડીવાડીનાં કાંઈક સુખ માન્યાં હતા. મોટી કલ્પના તે 'આ બધું શું છે' તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે 'પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે ધનખ્થી. સુખે રહેવું અને સંસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે. એમાંથી બીજી કોઈ પંચાતમાં નહીં પડતાં ધર્મની વાસનાઓ કાઢી નાખી. કોઈ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણું તેથી રહ્યું નહીં.

# આદર્શ નારી

સમર્પણ અને ત્યાગની મૂર્તિ એટલે દીકરી. ભારતીય નારી એ વિશ્વમાં આદર્શ નારીનું સ્થાન કહેવાય છે. દીકરી એ નારી થયા પહેલાંનું કુંવારિકાનું સ્વરૂપ. દીકરીનું નામ પડતાં જ આપણી સમક્ષ એક ભોળી, માસુમ, ચંચળ અને અરમાનની ભરપૂર નિર્દોષ યુવતી નજરે પડે છે. પિતાને ત્યાં ઉછળતી, કૂદતી, દોડતી દીકરી ઘરમાં ઉત્સાહ અને ઉલ્લાસનું વાતાવરણ ફેલાવી દે છે. ઘરમાં રહેતા દરેક સભ્યને પોતાના વાણી, વર્તન અને વ્યવહારથી પોતિકાપણાનો અહેસાસ કરાવે છે. દીકરી તો પરાણે વહાલી લાગે છે.

સમય જતાં આ જ દીકરી જ્યારે યુવાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે કુદરતી રીતે જ તેનામાં લજ્જા સાથે પરિપક્વતાનાં લક્ષણ દેખાવા માંડે છે. ઘરમાં રહેતા દાદીમાની માફક દરેક સભ્યનાં ગમા-અણગમાનું બારીકાઈથી ધ્યાન રાખે છે. એમાં પણ ખાસ કરીને તેને તેના પિતા માટે તો કોઈ અનેરો જ ભાવ જોવા મળે છે. તેમની દરેક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરતી, તેમની જરૂરિયાત પૂરી કરતી સતત લાગણીનો ધોધ વહાવતી હોય છે. જાણે હિલોળા લેતો પ્રેમનો મહાસાગર.

આ દીકરીને જ્યારે પરણાવવામાં આવે છે ત્યારે પિતા માટે તો જાણે આત્માનું બલિદાન! જીવનો કટકો જ્યારે દેહમાંથી વિખૂટો પડી ને જે વેદના થાય તેવું પિતાને અનુભવાય છે. દીકરી પરણી જતાં પિયરનાં સંબંધો જેવાં કે બાળપણની સખીઓ, ઘરનાં આત્મીયજનો અને જન્મદાતા એવા માતા-પિતા ને ક્ષણિક વારમાં છોડીને પિયુના ઘરની વાટ પકડે છે. પારકાંને પોતાનાં કરવાની અનેરી શક્તિ પ્રભુએ તેનામાં બક્ષી છે. પરણીને કહેવાય છે કે એ ત્રણ પરિવારનાં કુળને શોભાવે છે. પિયર, મોસાળ અને સાસરીપક્ષ. નારીને કદાજ એટલે જ નારાયણી કહેવામાં આવી છે.

સંસારમાં દીકરીનો દરેક સ્તરે વ્યવહાર જોતાં એમ થાય છે કે ઈશ્વરે દીકરીમાં એટલી કરુણા ભરી છે કે એ ક્યારેય કોઈનું દુઃખ સાંખી શકતી નથી. તે હંમેશાં સહુને સુખ અને આનંદ આપવામાં તત્પર રહેતી હોય છે. પોતાનાં સ્વજનોની દરકાર કરતી દીકરીને દરેક માતા-પિતા ખૂબ ખૂબ પ્રેમ અને વહાલ આપજો કારણ કે એ લાગણીની સંપૂર્ણ પાત્રતા ધરાવે છે. તેમ જ દરેક દીકરીને પણ એટલી જ શિખામણ આપવાની કે સંયમ અને સત્યનો માર્ગ હંમેશાં અપનાવજો તથા શીલ અને સંસ્કારની ગરિમા જાળવજો જેથી તમારા માતા-પિતા સમાજમાં ગૌરવથી પોતાનું મસ્તક ઊંચું રાખીને જીવી શકે.

*- લક્ષ્મી વળિયા*

# અમર વીર જવાનોને નતમસ્તકે શ્રદ્ધાંજલિ

૧૪ ફેબ્રુઆરી, ગુરુવાર, વેલેન્ટાઇન ડે – પ્રેમ, ભાઈચારાનો દિવસ આતંકવાદીઓએ દિવસ પણ કેવો પસંદ કર્યો? પાકીસ્તાન પ્રેરીત આ આતંકવાદીઓએ કાયરતાપૂર્ણ રીતે, જવાનોનાં કાફલાનો RDXનાં બોમ્બથી વિનાશ કર્યો અને આપણાં અગણિત જવાનો શહીદ થઈ ગયાં.

આવા ક્રુર વિનાશક હુમલાથી સમગ્ર દેશ અવાક થઈ ગયો છે. મોતની કરુણ છાયાથી સ્તબ્ધતા છવાઈ ગઈ છે. પાકીસ્તાનના આ નાપાક પગલાંથી, સમગ્ર વિશ્વએ ફિટકાર વરસાવ્યો છે. આપણાં વીરોની પ્રાણની આહુતીથી સહુ દેશવાસીઓએ ઘેરો આક્રોશ ફેલાયો છે. લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે અને અનેક માર્કેટસ તેમજ સંસ્થાઓએ બંધ પાળ્યો છે.

૪૪ પરિવારોએ તેમના કુટુંબનો મોભી ગુમાવ્યો છે. આપણાં દેશની અને આપણી સલામતી માટે વિષમ ઠંડીઓને વિષમ વાતાવરણમાં ઝઝુમતા, ખડે પગે તૈયાર રહેતાં જવાનોની કરુણ કથનીથી દિલ કકળી ઉઠે છે.

આપણા વડા પ્રધાન તેમજ સંરક્ષણ મંત્રાલય, તથા સૈન્ય સતત પરિસ્થિતિનું વિશ્લેષણ કરી, વળતાં પગલાં લેવા વિશે નક્કી કરી રહ્યાં છે અને આનો યોગ્ય પ્રત્યુત્તર આપશે જ અને તો જ આપણાં વિક્ષત મનને થોડી રાહત લાગશે.

પરન્તુ જે ઘરની ઘરી ગઈ છે. જે આપણે ગુમાવ્યું છે તે પરત મળી શકે તેમ નથી. આપણે અશ્રુભરી આંખે અનકુંપા સિવાય શું કરી શકીએ?

વિવિધ મહાનુભાવો, સંસ્થાઓ, રમતવીરો, રાજકારણીઓએ સર્વેએ આ હિચકારા કૃત્યને વખોડી કાઢયું છે. માનવતાની હત્યાને આપણે વાખોડીએ પણ તકેદારી પણ રાખીએ કે આવી ઘટનાનું પુનરાવર્ત ભવિષ્યમાં ક્યારેય ના થાય. જેની કાળજી સૈન્યએ લેવી પડશે.

વિવિધ સંસ્થાઓ તથા કોર્પોરેટ બીઝનેસ હાઉસીસે જવાનોની સહાનુભૂતિ અર્થે આર્થિક સહાયની જાહેરાત કરી અને આપણે પણ એક દેશવાસી તરીકે આ માનવતાની અનુકંપા રૂપે ફુલ નહીં તો ફૂલની પાંખડી અર્પીને દેશ પર આવી પડેલ આપત્તિને ટેકાનો હાથ લંબાવીએ.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ દ્વારા આ દિશામાં પ્રયત્ન ચાલુ કરવામાં આવ્યાં છે અને સારું એવું ફંડ જવાનોના પરિવારને પહોંચે એવો પ્રયત્ન કરવામાં આવશે.

અને આ સાથે દેશ માટે શહીદી વહોરી લેનાર આપણાં ફૌજી ભાઈઓને સો સો સલામ અને તેમની કુરબાનીને નતમસ્તક શ્રદ્ધાંજલિ અર્પી કૃતઘ્ન થઈશું.

*– હેમંત શાહ જે.જે.સી – સાયન માટુંગા*

## ચિંતનકણિકાઓ

- સુખ-દુઃખના સરવાળા માટે જિંદગી નથી, જિંદગી છે... અંધારામાં અજવાળાં કરવા.
- મૈત્રીનો મબલખ પાક પેદા કરવા હૈયાની ધરતીને કૂણી કરવી પડશે.
- પતનની પળોમાં જો જાતનું જતન કરશું તો જીવન રતન બની જશે.
- મતલબ વિનાની લાગણી મળતી નથી અહીં!
  માનવીના દિલમાંયે પણ અહીં તો દિમાગ છે.
- 'મા'નું સ્થાન કેટલું ઊંચું છે? તે આત્મા અને પરમાત્મા બન્નેમાં સમાયેલ છે.
- સંબંધોના દીવામાં સ્નેહનું તેલ હશે તો પ્રેમની જ્યોત વધુ પ્રકાશવાન બનશે.
- સહુથી લાંબી યાત્રા અંતરયાત્રા છે જેમાં પળે પળે મુકામ આવે છે.
- બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા જીવનના ત્રણ સ્વતંત્ર તબક્કાઓ છે.
- 'આયુષ્ય' એટલે ખીલેલા ગુલાબની પાંદડી પર બેસી ગયેલું 'ઝાકળબિન્દુ'.
- આજનો દિવસ એ જીવનની કિતાબનું એક વધુ કોરું પાનું છે.

# અમર વીર જવાનોને નતમસ્તકે શ્રદ્ધાંજલિ




Summer 2019
સુપર
Early Bird
ડિસ્કાઉન્ટ !!
અવિશ્વાસનીય સમાવિષ્ટ સાથે !
અવિશ્વાસનીય ડિસ્કાઉન્ટ પર !
બધા સમાવેશ ! કોઈ છુપાયેલા કિંમત નથી !
પછી આવી તક
નહી મળશે !!
Guideline™
making travel an art!
sales@guidelinetravels.com
KALBADEVI (HEAD OFFICE)
40622205 / 40622206
40622207
KANDIVALI
28061515
GHATKOPAR
21021155
SURAT
0261-4057222

Advt.


બેસ્ટ ઑફ યુરોપ
૧૪ દિવસ
ફ્લેવર્સ ઑફ યુરોપ
૧૪ દિવસ કીંચન કારવાં સાથે
ગ્રેન્ડ્યુર ઑફ યુરોપ
૨૦ દિવસ
વન્ડર્સ ઑફ યુરોપ
૧૪ દિવસ
હૉટ ઑફ યુરોપ
૧૪ દિવસ
સિટી સેન્ટર હોટેલ્સ
બેસ્ટ ઑફ યુકે
૧૧ દિવસ
બેસ્ટ ઑફ યુએસએ
૨૨ દિવસ
બેસ્ટ ઑફ સાઉથ આફ્રીકા
૧૨ દિવસ
બેસ્ટ ઑફ ઑસ્ટ્રેલિયા
૧૨ દિવસ
બેસ્ટ ઑફ ન્યુઝીલેન્ડ
૧૧ દિવસ



Advt.



## We Turn Your Events To Moments

- Car decoration
- Groom & Baraati Safa
- Bridal Doli / Palanquin
- Koli band for baraati
- Dhol & shenai
- Couple special entries
- Trousseau packing
- Lagna geet
- Dj / sangeet sandhya
- Mehendi, Nail art
- Wedding Photography & Cinematography
- Bridal Makeup & Hair styling
- Engagement ring platter
- & many more

:|| अवसर ||:®
**ALL ABOUT MARRIAGE**

Neelkanth Market, M G Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Tel: 9821029055/9594049055 | avasar28@yahoo.com

Right Frame for
Right Occasion



**OPTICAL PALACE**

Neelkanth Shopping Center, CAMA LANE CORNER,
Ghatkopar (W), Mumbai - 400 086.
Tel: 2512 9516 | opticalpalaceghatkopar@gmail.com

*Get A Wide Range of Exclusive Wedding & Designer Sarees Collection!*



EVERY SAREE TELLS A STORY

Sukanya®
Exclusive Sarees

Moti Mahal, M G Road, Opp. Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Tel: 2512 8090 | 98200 00636

Advt.

# પીયૂષ ગોયલનું મેઈડન બજેટ મોદી સરકારનો માસ્ટર સ્ટ્રોક

મોદી સરકારનું છઠ્ઠું અને છેલ્લું બજેટ અને પિયુષ ગૉયલનું મૅઈડન બજેટ મોદી સરકાર માટે માસ્ટર સ્ટ્રોક પૂરવાર થશે કેવી રીતે? ગૉયલે બજેટના ૧૦ ડાયમૅન્શન ગણાવ્યા છે જે વર્તમાન સરકારની વીઝનને ગાઈડ કરશે તો તેમના બજેટને માસ્ટર સ્ટ્રોક તરીકે ઓળખાવવાના દસેક કારણો આપી શકાય.

૧. એટલા માટે કે કલમને એક ઝાટકે તેમણે કમ સે કમ ૨૫ કરોડ નાગરિકો (મતદાતાઓ)ને બીજેપીના ફૉલ્ડમાં લાવી દીધા છે. આ કામ વિત્તમંત્રીએ એવા સમયે કર્યું છે કે જ્યારે તેમા પક્ષ કે તેમની સરકારનો પોપ્યુલારીટી ગ્રાફ સાડા ચાર વરસના શાસન દરમ્યાન સૌથી નીચો હોય. ડીમૉનૅટાઈઝેશન કે જેણે પ્રજાના વિશાળ વર્ગને નારાજ એ હેરાનપરેશાન કરેલ તેના કરતા પણ વધુ નીચો. એમ માનવા માટેનું નક્કર કારણ એ છે કે એ પછી તરતજ થયેલ ૨૦૧૭ની ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓમાં બીજેપીનો ઝળહળતો વિજય થયો હતો. જ્યારે ડિસેમ્બર ૨૦૧૮માં પક્ષે મહત્ત્વના ત્રણ રાજ્ય મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં હાર સ્વીકારવી પડી છે.

૨. એટલા માટે કે ૧૦૫ મિનિટની બજેટ સ્પીચમાં Please one and all જેવી ઘણી બધી દરખાસ્તો દ્વારા કિસાનોને, પેન્શનરોને, કામદારોને, સિનિયર સિટીઝન્સને, સ્ત્રીઓને અને યુવાનોને એક યા બીજી રાહત અપાઈ છે એટલું જ નહીં, આ રાહતોને એવી રીતે સ્ટ્રક્ચર કરાઈ છે કે વિરોધ પક્ષો પણ નોન-પ્લસ બની ગયા છે એ બજેટ પ્રપોઝલોનો જોરશોરથી વિરોધ કરી શક્યા નથી.

૩. એટલા માટે કે બજેટ પ્રેઝન્ટેશન દરમ્યાન પાર્લામેન્ટમાં ઑપોઝિશન બેન્ચિસ પર સામાન્ય રીતે જે હોબાળો જોવા મળે, જે સીન સર્જાય એવું કાંઈ આ વખતે ન બન્યું વિરોધ પક્ષના, ખાસ કરીને કૉન્ગ્રેસ પક્ષના શઢમાંથી હવા નીકળી ગઈ હોય અને હથિયાર હેઠાં મૂકી દેવાનો વારો જાણે કે આવી ગયો હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ.

૪. એટલા માટે કે નાણાપ્રધાને તેમને મળેલ આ તકનો પૂરેપૂરો ઉપયોગ કરીને તેમની સરકારનું રિપોર્ટ કાર્ડ (સાડાચાર વરસના શાસનમાં હાંસલ કરેલ સિદ્ધીઓ) ઈમ્પ્રેસિવ કરે એ રીતે રજૂ કર્યું.

૫. એટલા માટે કે સરકારની સિદ્ધિઓનો યશ ગોયલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અને લીડરશિપને એ કૅબિનેટના અન્ય પ્રધાનોના સપોર્ટ દ્વારા થયેલ ટીમવર્કને આપ્યો.

૬. એટલા માટે કે નાણાપ્રધાને તેમની સરકારને સિદ્ધિઓનો યશ સરકારને આપ્યો એથી પણ વધુ જનતા જનાર્દન અને કરદાતાઓને આપ્યો અને તેમનો આભાર માન્યો.

૭. એટલા માટે કે તેમણે આ બજેટને ઈન્ટરીમ બજેટ ન ગણાવતાં તેમની સરકારે આર્થિક વિકાસ અને દેશની પ્રગતિ માટે જે પાયો નાખ્યો છે એના પર મજબૂત ઈમારત ઊભી કરવા માટેના રોડમેપ તરીકે ઉલ્લેખ કર્યો.

૮. એટલા માટે કે બજેટના દિવસે (ફેબ્રુઆરી ૧) સવારના મીડિયામાં રોજગારીના પ્રશ્ને વિરોધના ઉઠેલ વંટોળને તેમણે તેમની બજેટ પ્રપોઝલોના માધ્યમે શાંત કરી દીધો. સરકારે પ્રજાને આપેલાં ઘણાં બધાં વચનો પૂરાં કર્યા છે કે તે પૂરા થાય તે માટેના ગંભીર પ્રયાસો આદર્યા છે પણ દેશમાં રોજગારીની નવી તકોના સર્જનના મુદ્દે વર્તમાન સરકારની વિશ્વસનીયતા (Credibility) ઘટી છે.

RBI કે CBI જેવી સ્વાયત્ત સંસ્થાઓની ઑટોનોમી વિષે કે સુપ્રીમ કોર્ટ અને નૅશનલ સ્ટૅટિસ્ટિકલ કમિશન (NSC) સાથેના સરકાર સાથેના સંબંધો વિશે ખડા થયેલા અનેક પ્રશ્નોની ચર્ચા દિવસોના દિવસો મીડિયામાં ચાલતી રહી હોત. જેના પર નાણાપ્રધાનના કૉમ્પ્રીહેન્સિવ બજેટને કારણે કામચલાઉ રીતે પડદો પડી ગયો.

૯. એટલા માટે કે ગોયલે પ્રેગ્મેટિઝમ અને પોપ્યુલીઝમ વચ્ચે સારી એવી સમતુલા જાળવી છે. સામાન્ય રીતે વર્તમાન સંદર્ભમાં આ બજેટને Election Oriented ગણાવ્યું હોત. એને બદલે વિરોધ પક્ષો કે ઍનાલીસ્ટો પણ તેને બાજુએ રાખીને કે ગૌણ કરીને તે પ્રપોઝલોની મૅરિટ/ડીમૅરિટની ચર્ચા કરવામાં પડ્યા છે. અથવા તો આ દરખાસ્તોની સરકારી તિજોરી પર શું અસર પડી શકે તે તપાસવામાં વ્યસ્ત છે.

૧૦. એટલા માટે કે યોગાનુયોગ અરૂણ જેટલીની નાદુરસ્ત તબિયતને કારણે આ બજેટ પેશ કરવાની કપરી જવાબદારી વડાપ્રધાને પિયુષ ગોયલને સોંપી. વળી આ બજેટનું વિશેષ મહત્ત્વ એટલે હતું કે તે વર્તમાન સરકારનું છેલ્લું બજેટ હતું. કોઈ પણ સરકારને તેની પાંચ વરસની મુદતમાં છ બજેટ પ્રેઝન્ટ કરવા મળતા હોય છે (આપણા

બજેટ પ્રેઝન્ટ કરવાના સમયની પરંપરા એ ઈલેક્શનના સમયને કારણે). કોઈ પણ કામમાં શરૂઆત જેટલું જ મહત્વ તેના અંતનું હોય છે. શરૂઆત સારી થાય. તો એ ન્યાયે હાથમાં લીધેલ. કામની સફળતા સિક્યોર થઈ જાય અને જો અંત સારો હોય તો એ ન્યાયે વચ્ચેના તબક્કાના નાના મોટા પ્લસ-માઈનસ ડીસકાઉન્ટ થઈ જાય.

બજેટ દરખાસ્તોના સરકારી તિજોરી પરના બોજની વાત કરીએ તો -

૧. બે હૅક્ટર કે તેથી ઓછી જમીન ધરાવતા ૧૨ કરોડ નાના ખેડૂતોને વરસે ૬૦૦૦ રૂપિયા આપવા માટે રૂપિયા ૭૫૦૦૦ કરોડ ફાળવ્યા છે. જો કે આનાથી ખેતમજૂરોને કાંઈપણ ફાયદો નહીં થાય.

૨. રૂપિયા પાંચ લાખ સુધીની આવક પર સંપૂર્ણ ટૅક્સ રીબેટ અપાશે. રૂપિયા ૧.૫ લાખનું મૂડી રોકાણ કરશે તેને માટે રૂપિયા ૬.૫ લાખ સુધીનું આવક કરમુક્ત થઈ જશે. આનો ફાયદો ૩ કરોડ મધ્યમ વર્ગીય નોકરિયાત વર્ગને અને નાના વેપારીઓને થશે જેનો બોજ ૧૮,૫૦૦ કરોડ રૂપિયા પડશે.

૩. અસંગઠિત ક્ષેત્રે નોકરિયાત વર્ગને ૬૦ વર્ષ પછી વર્ષે ૩૬,૦૦૦ રૂપિયાનું પેન્શન અપાશે. આ સ્કીમમાં જોડાનાર કામદારોનાં વર્ષો સુધીના ફાળામાં સરકાર પોતાનો મૅચિંગ ફાળો આપશે. ૧૦ કરોડ લોકો આનો લાભ લેશે. ગણતરીએ સરકારે આ સ્કીમ માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આમ ૨૫ કરોડ લોકો (**BJP**ની વૉટબૅન્ક)ને રાજી રાખવા સરકારે ૯૪,૦૦૦ કરોડની ફાવણી કરી છે.

આ ઉપરાંત સિનિયર સિટિઝન્સને ઈન્ટરેસ્ટ ઈન્કમમાં આપનારી કર રાહત અને બીજા ફાયદાઓ માટેનું જરૂરી ફન્ડ ક્યાંથી આવશે? આગળ વધીને ડિફેન્સ ખર્ચનો જબ્બર વધારે, ઍમ્પલૉયમેન્ટ ગૅરન્ટી સ્કીમ માટેની મોટી જોગવાઈ અને બીજા ખર્ચા ઉમેર્યા પછી પણ ફીસ્કલ ડૅફિસિટ મહ્દઅંશે કંટ્રોલમાં રાખવા માટે નાણાના શ્રોત વિષે કોઈ સ્પષ્ટતા મળતી નથી. શક્ય છે કે પ્રત્યક્ષ વેરાના ક્ષેત્રે અપાયેલ રાહતો અને અન્ય સ્કીમો દ્વારા ખર્ચાનાર નાણા માટે નાણાપ્રધાને GST ના કલેક્શન પર અને ડિમૉનેટાઈઝેશન પછી વિસ્તૃત થયેલ ટૅક્સ-બેઈઝ પર આધાર રાખ્યો છે.

૨૦૧૭-૧૮ના વરસે એક કરોડથી વધુ લોકોએ ઈન્કમ ટેક્સ રીટર્ન ફાઈલ કર્યા અને જાન્યુઆરી મહિને GSTની આવક એક લાખ કરોડને ઓળંગી ગઈ તેને લક્ષમાં રાખીને નાણાપ્રધાન આગળ વધ્યા હોય. પણ આ બધા પગલાની ભાવવધારા પર, ફીસ્કલ ડૅફિસિટ પર અને તેને કારણે વ્યાજના દર પર શું અસર પડશે તે તો આવનાર સમય જ કહી શકશે બે વરસ પછી ૨૦૧૯-૨૦ના ઍકાઉન્ટ રજુ કરાશે ત્યારે કદાચ ઈલેક્શનના સંદર્ભમાં સરકારે એની ચિંતા કરી નથી.

હકીકતમાં રાષ્ટ્રીય આવકની નવી સિરીઝ પબ્લિશ કર્યા પછી અને રોજગારીના આંકડા એ રિપોર્ટને યોગ્ય કારણ સિવાય દબાવી દીધા પછી સરકાર દ્વારા રજૂ કરાતા આંકડાઓની વિશ્વસનીયતા ઘટે જ. ચીનની સરકાર દ્વારા રજૂ કરાતા આંકડાઓ વિશ્વ એના અસલી સ્વરૂપમાં, ડિસ્કાઉન્ટ કર્યા સિવાય, ક્યાં સ્વીકારે છે? કોઈ પણ સરકાર સત્તામાં હોય અને ઈલેક્શન આવે એટલે અનેક સ્વરૂપે એનો ફાયદો શાસક પક્ષને મળે જ. મોટી સરકારે પણ આ પૉઝિશનનો ભરપૂર લાભ લીધો છે. તેની કોણ ના કહી શકે? શક્ય છે કે આ દરખાસ્તોને યોગ્ય રીતે કેપ્સુલ કરવાને કારણે એવી છાપ ઓછી ઉભી થઈ હોય. બજેટ સ્પીચમાં ક્યાંય સબસીડી શબ્દનો ઉલ્લેખ નથી. એનો અર્થ સરકારે સબસીડી નાબૂદ કરી દીધી છે તેવો નથી. નાણાપ્રધાને 'ફૂડ સબસીડી'ને બદલે 'ફૂડ ફૉર ઑલ' શબ્દ વાપર્યા છે જેની પાછળ ૨૦૧૮-૧૯માં ૧.૭ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ ખર્ચાઈ છે.

કોઈ પણ ઉત્પાદક પ્રવૃતિ સિવાય નાના ખેડૂતોને અપાનારી રોકડ સહાય સબસીડી નહીં તો શું કહેવાય? પણ આ સબસીડી ટાર્ગેટ ગ્રુપ માટે વપરાય અને એનો દુરૂપયોગ ન થાય અને તેની મૅરીટ ગણાય. પણ એટલા માત્રથી સરકારી તિજોરી પરનો બોજ હટી જવાનો નથી.

આર્થિક વિકાસનો દર ડબલ ડિજિટમાં હોય એટલા માત્રથી નવી નોકરીની પૂરતી તકો સર્જાય જ એ જરૂરી નથી.આર્થિક વિકાસનો ઉંચો દર નોકરીની તકો સર્જવા માટેની જરૂરી શરત છે, પૂરતી શરત નથી એની વિગતવાર ચર્ચા આવતા લેખમાં કરીશું.

હાલ પૂરતુ તો સરકારે તેના ભાથાના બધા જ શાસ્ત્રોનો ઉપયોગ કરીને વિપક્ષોને જબરો આંચકો આપ્યો છે. ચૂંટણીપ્રચારમાં વિરોધપક્ષો દ્વારા પ્રજાને અપાયેલ કેટલાક વચનોનો સરકારે તક ઝડપીને બજેટ દ્વારા અમલ કર્યો. વિરોધ પક્ષો ઉંઘતા ઝડપાયા. રણનીતિની બાબતે શાસક પક્ષે વિરોધ પક્ષોને પછડાટ આપી છે. પાર્લામેન્ટના ફ્લોર પરથી એક રીતે કહીએ તો સરકારે વચગાળાનું બજેટ માત્ર રજૂ નથી કર્યું પણ ચૂંટણીપ્રચારના શ્રી ગણેશ કરી એક ગોળીએ બે પંખી વીંધ્યા છે.

# FLAT BUYERS – ANY PROBLEM FILE COMPLAINT UNDER RERA

**GIRISH GALA (B.COM. LLM.)**
**LEGAL ADVISOR**
**Email: girishbgala@gmail.com, Mob.: 9969540924**

The MAHARERA authority was established on 1 st May 2017, primarily aimed at regulating and promoting the real estate sector and to induce transparency between the developers and the consumers. Real Estate Act is intended to achieve the following objectives:

i. ensure accountability towards allottees and protect their interest;

ii. infuse transparency, ensure fair-play and reduce frauds & delays;

iii. imposing certain responsibilities on both promoter and allottees;

iv. establish fast-track dispute resolution mechanism;

A real estate project is required to be registered under MAHARERA if the project is ongoing and has not received the completion/occupation certificate at the time of commencement of the Act (1 st May 2017) and the land proposed to be developed is more than 500 sq. mtrs. or the number of apartments to be constructed is more than eight including all the phases. Projects are registered and not the Developers.

For complainants who do not wish to approach the regulatory authority under MAHARERA, there is also a conciliation forum that has been formed to provide conciliation and dispute resolution between the promoters and the allottees.

Maharashtra RERA, along with developers' bodies such as the NAREDCO, CREDAI and MCHI and representatives of the Mumbai Grahak Panchayat, has formed MAHARERA Conciliation and Disputes Resolution Forum as an alternate dispute resolution mechanism under the Act. Where both the parties should be able to discuss and negotiate on terms equally, before coming to MAHARERA.

Complainants, who are not satisfied with the solution given by the conciliation forum, have the choice of approaching the MAHARERA authority for justice.

MAHARERA also has a system in place wherein complaints against unregistered projects can also be filed and heard. RERA Authority of Maharashtra has added a category wherein the one can inform the authority about the project which is not registered and at the same time can present his case before the MAHARERA Authority by paying the fee of 5,000/-.

As most of the projects are now registered, buyers now can make an informed choice and for redressing of their any grievance, then can approach to quasi-judicial body MAHARERA.

## SELECTION OF DEVELOPER / BUILDER

**GIRISH GALA (B.COM. LLM.)**
**LEGAL ADVISOR**
**Email: girishbgala@gmail.com,**
**Mob.: 9969540924**

within 1 month of the appointment of the Authorised Officer of Co-operative Registrar and with his prior permission fix a day, date, time and venue of the SGM after giving 14 days clear notice and obtaining acknowledgements from the member's for having received the notice. Similarly, the Representative of the Registrar's office may ensure the presence of the official representative of the Tenderers, whose tenders shall be considered at the SGM. The arrangement for Video Shooting of the SGM at the expenses of the society should be done. Only bonafide members of the society shall be eligible to attend the SGM. It is necessary that the following aspects are discussed in the presence of the Authorised Officer. After discussing the merits and demerits of all the offers, one Developer/ Builder should be selected for carrying out the redevelopment of the society. In this meeting, 3/4th majority of the members present in the meeting should agree on the following issues and give their approval.

The additional area that they should get as not only in terms of percentage increase in their existing carpet area but also inactual measurement of Square Feet.

The additional area that they should get as not only in terms of percentage increase in their existing carpet area but also in actual measurement of Square Feet.

The amount of corpus payable to each member should be clearly expressed in amount of rupees besides linkage to their existing carpet area. The breakup and the due-dates for the payments of the same should be clearly specified.

The amount of rent payable for alternate accommodation should be clearly specified in terms of amount of Rupees besides linkage to the existing carpet area. The breakup and due-dates for the payment of the same should be clearly specified.

The amount of shifting charges and the re-shifting charges should be specifically stated.

To fix others Terms and conditions for the Redevelopment of the building and finalise the tender.

To select and approve the appointment of the Developer/Builder for the redevelopment of the project.

The members should pass a resolution authorizing the Managing Committee to issue letter of Intent to the selected Developer.

# સુખ દુ:ખનું મુળ કારણ અપેક્ષા

■ ચંદ્રેશ પારેખ

કોઈપણ યુગના માનવીની તલાસ હંમેશાં સુખની જ રહી છે, દુઃખની નહીં. મનુષ્યનું જીવન આધિ-વ્યાધિ અને ઉપાધિઓની જ ઘેરાયેલું હોવા છતાં પણ એકમાત્ર સુખ-શાંતિનો અહેસાસ થાય એવી જ તેને અપેક્ષા રહેલી હોય છે. વ્યક્તિની જીવનશૈલી, આચાર-વિચાર આ બધાંની પાછળ પણ અપેક્ષા જ ધરબાયેલી જોવા મળે છે. કોઈપણ કાર્ય કરવા માટેના વિચાર પૂર્વે પણ તે માટેની ઈચ્છા અથવા તે વસ્તુ, વ્યક્તિ કે લાગણી મેળવવાની અપેક્ષા જ બહુ મોટો ભાગ ભજવે છે. જેવી ઈચ્છા-અપેક્ષા એવું જ કાર્ય થાય. એટલે જ અંગ્રેજીમાં કહ્યું છે કે,

"A desire is the foundation of any action" - અર્થાત્ કોઈપણ કાર્યમાં ઈચ્છા-અપેક્ષા જ મૂળ પાયો બની રહે છે. જેવી અપેક્ષા હોય તેવું જ કાર્ય થાય. સામાન્ય રીતે અપેક્ષા એટલે અંતરની ઈચ્છા, અદમ્ય ઝંખના કે આશા-અરમાન... જે દરેક વ્યક્તિમાત્રમાં હોય જ. અપેક્ષારહિત જીવન જીવવું કોઈના માટે શક્ય નથી.

અપેક્ષાની સમીક્ષા કરતાં જણાય કે, અપેક્ષા એ વ્યક્તિ વચ્ચેનો માનસિક અને છૂપો વ્યવહાર છે. જેનું માનસિક સ્વરૂપ અદશ્ય હોય છે, પરંતુ ક્રિયાત્મક અને દાર્શનિક સ્વરૂપ વિશાળ અને વાસ્તવિક હોય છે. અન્ય વ્યક્તિએ આપણા પ્રત્યે મનમાં સેવેલી આશા-અપેક્ષા દેખાતી નથી.

એક લિમિટેડ કંપનીના મેનેજરે પોતાની ઓફિસમાં આગામી દિવસના કાર્યનું આયોજન કર્યું. જેમાં તેમણે એકાઉન્ટન્ટ પાસે અપેક્ષા રાખી કે તેઓ દસ દિવસમાં ગત માસના હિસાબના ચોપડા પૂર્ણ કરી દેશે. ત્યારબાદ ગત માસના નફાને આધારે આગળનું કાર્ય કરશે. મેનેજરે અપેક્ષા રાખી હતી તેની એકાઉન્ટન્ટને પોતાને ખબર નહોતી. પાંચ દિવસ પછી મેનેજરે એકાઉન્ટન્ટ પાસે પોતે રાખેલી અપેક્ષા રજૂ કરી ત્યારે તેમને ખબર પડી, પરંતુ સંજોગોવશાત્ એકાઉન્ટન્ટથી મેનેજરના સમય અંદાજ મુજબ હિસાબનું કાર્ય પૂર્ણ ન થયું. મેનેજર એકાઉન્ટન્ટ પર અકળાઈ ગયા. પોતાનો રોષ પ્રગટ કર્યો.

મેનેજરે એકાઉન્ટન્ટ પ્રત્યે અપેક્ષા રાખી હતી તેની કોઈને ખબર ન પડે, પરંતુ જ્યારે તે વાણી અથવા ક્રિયા દ્વારા દર્શાવે છે ત્યારે જ તેની ખબર પડે છે. એકાઉન્ટન્ટ દ્વારા યોગ્ય સમયે કાર્ય પૂર્ણ ન થતાં તેમના પ્રત્યે ઉપેક્ષા જન્મી અને અંદર અંદર ચડભડ થઈ જેની બધાયને ખબર પડે છે. મનુષ્યસ્વભાવનું એક તારણ છે કે દરેક વ્યક્તિને પોતાની અપેક્ષા ન સંતોષાય તો તેમાંથી ઉપેક્ષા જન્મે છે. કારણ કે વણસંતોષાયેલી અપેક્ષાઓ જ ઉપેક્ષાની જન્મદાતા છે. આપણી અપેક્ષાઓ અને ઉપેક્ષાઓ વાણી અને વર્તન દ્વારા પ્રદર્શિત થતી હોય છે. મેનેજરની એકાઉન્ટન્ટ પ્રત્યેની અપેક્ષા ન સંતોષાઈ તો તેમાંથી તેના કાર્ય પ્રત્યે ઉપેક્ષા જન્મી, જે વાણી અને વર્તન બંને દ્વારા પ્રદર્શિત થઈ.

અત્રે લેખ વિષયાંગમાં આપણે વાંચ્યું કે, સુખ-દુઃખનું મૂળ અપેક્ષા છે. જીવનમાં આવતાં સુખ-દુઃખના મૂળમાં અપેક્ષા પણ એક ભાગ બની રહે છે. બહુધા આપણે એવું જ વિચારતા હોઈએ છીએ કે, અપેક્ષા હંમેશાં દુઃખરૂપ જ હોય છે. કારણ કે આપણી અપેક્ષા ન સંતોષાતાં આપણે દુઃખી થઈએ છીએ. એવું આપણે સમજીએ છીએ. તો શું અપેક્ષા માત્ર દુઃખરૂપ જ છે ? ના... ના... અપેક્ષા સુખરૂપ પણ છે અને દુઃખરૂપ પણ છે, પરંતુ સુખ-દુઃખનો આધાર આપણે કેવી અપેક્ષાઓ રાખીએ છીએ તેના ઉપર છે.

આપણને બહુધા બે રીતે અપેક્ષાઓ રહેતી હોય છે : જેમાં પહેલી પોતા પ્રત્યેની અપેક્ષાઓ અને બીજી બીજા પ્રત્યેની અપેક્ષાઓ. આ અપેક્ષાઓ એક, બે, ત્રણ એવી કોઈ સીમિત હોતી નથી. વ્યક્તિ જન્મે છે ત્યારથી મૃત્યુ પામે છે ત્યાં સુધી તેના મનમાં સતત એક યા બીજી અપેક્ષા કોઈ ને કોઈ સ્વરૂપે સતત પ્રગટ થતી જ હોય છે જેનો ક્યારેય અંત આવતો નથી.

A man is the bundle of the infinitive desires."

અર્થાત્ મનુષ્ય એ અગણિત ઈચ્છાઓનું પોટલું છે.

સ્વજીવનને અવલોકતા ખ્યાલ આવે કે, આપણા પોતાના પ્રત્યે જીવનમાં ત્રણ પ્રકારે અપેક્ષાઓ રહેતી હોય છે. પહેલી સહજ સ્વાભાવિક અપેક્ષા, બીજી ઠરાવ સોતી અપેક્ષા અને ત્રીજી ઓવર અપેક્ષા (ક્ષમતા બહારની વધુ પડતી અપેક્ષા). આ અપેક્ષાઓ જ આપણને સુખી અને દુઃખી કરતી હોય છે.

કોઈપણ કાર્ય કર્યા પછી તરત જ તેના પરિણામની અપેક્ષા રહે જ - આ સહજ સ્વાભાવિક અપેક્ષા છે. પરિણામની અપેક્ષા વગર કોઈ કાર્ય કે વ્યક્તિ સાથે આપણે વ્યવહાર પણ કરતા નથી. બાળક નાનું હોય ત્યારે માતાપિતા તેની સંભાળ રાખે છે,

માંદે-સાજે દવા આપે છે, ભણાવી-ગણાવીને મોટો કરે છે, સત્સંગ અને સંસ્કાર આપે છે. બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો વણથંભ્યા કર્યા જ કરે છે તેની પાછળ માબાપને સ્વાભાવિક અપેક્ષાઓ રહેલી હોય છે કે મારો દીકરો મોટો થશે, ભણીગણીને આગળ નીકળશે. પૈસેટકે સુખી થશે. ઘડપણમાં આપણી લાકડીનો ટેકો બનશે ને વાતનો વિસામો બનશે. આપણને પાલવશે અને પોષશે. આ બધી માતાપિતાની અને બાળક વચ્ચેની સહજ સ્વાભાવિક અપેક્ષા છે. જે દરેક માબાપને હોય જ. એ અપેક્ષાના પ્રતિકાત્મકરૂપે જ માતાપિતા પોતાનું જીવન ખર્ચી બાળકનું જતન કરતા હોય છે.

જેમ માબાપને બાળક પાસે અપેક્ષા રહે છે તેમ આધ્યાત્મિક માર્ગમાં પણ ગુરુને પોતાના શિષ્યવૃંદ પાસે સહજ સ્વાભાવિક અપેક્ષાઓ રહેતી હોય છે કે, ગુરુએ સેવેલા આગ્રહો, સિદ્ધાંતો અને સંકલ્પો અનુસાર પોતાના શિષ્યનું જીવન બને. ભક્તિમાર્ગની બાંધેલી નિયમ-ધર્મની પાળમાં રહી આદર્શ ભક્તજીવન જીવે. વ્યવહાર-પ્રવૃત્તિ કરતા કરતા પણ પ્રભુભક્તિને કદી ગૌણ ન કરે. ગુરુની સેવેલી આવી સહજ સ્વાભાવિક અપેક્ષાઓ શિષ્યવૃંદની ફરજ બની રહે છે અને એ પ્રમાણે જીવન જીવવા કટિબદ્ધ કરે છે. જે અપેક્ષા ગુરુ-શિષ્ય બંને માટે સુખરૂપ બની રહે છે.

બીજી પોતાના જીવનમાં ક્યાંક ઠરાવ સોતી અપેક્ષાઓ રહેતી હોય છે. વ્યવહારિક જીવનમાં કે આધ્યાત્મિક જીવનમાં જ્યાં ઠરાવ આવે ત્યાં દુઃખ ઊભું થાય જ. ઠરાવ એ દુઃખનું મૂળભૂત કારણ છે. આપણી ઠરાવ સોતી અપેક્ષા અન્યને આપણું ધાર્યું કરવા માટે મજબૂર કરે છે, પરંતુ એવું બધે જ શક્ય નથી બનતું કે આપણું ધાર્યું જ થાય. જેના પરિણામે આપણી અપેક્ષા ન સંતોષાતા ઉદ્વેગ સાથે બીજા કેટલાંય દુઃખ ઊભા થાય છે.

સમાજમાં કે સત્સંગમાં ક્યાંક આપણને એવું મનાઈ જતું હોય છે કે, I am something. હું વડીલ છું, હું ટ્રસ્ટી છું, હું સંયોજક-કાર્યકર છું, હું મોટેરો છું. આપણને પ્રભુઈચ્છાથી જે કંઈ પદવી કે સત્તા મળી હોય કે પછી પ્રભુઈચ્છાથી કંઈક આવડત, બુદ્ધિ કે કળાકૌશલ્ય જે કંઈ પ્રાપ્ત થયું હોય તેનું આપણને માન આવી જાય છે. પરિણામે પોતાનો મોભો જળવાય, સૌ માન-આદર આપે, હાર પહેરાવે, આગળ સ્થાન આપે, અગત્યનાં કાર્યો, નિર્ણયો પોતાની હાજરીમાં લેવાય, પૂછીને કાર્ય કરે એવી અનેક ઠરાવ સોતી માનની અપેક્ષાઓ રહેતી હોય છે. આ અપેક્ષાઓ કાયમ સંતોષાય એવું બહુધા બનતું નથી હોતું. પરિણામ સ્વરૂપે દુઃખી થઈ જવાય છે. આપણી કોઈ કિંમત નથી. હું ટ્રસ્ટી છું, વડીલ છું. સંત છું. છતાં મને કોઈ ગણતા નથી. એવા નકારાત્મક વિચારો સતત સતાવતા રહે છે. છેવટે સંસારમાં અને સત્સંગમાં કોઈ મુશ્કેલી ન હોવા છતાં દુઃખી થઈ જવાતું હોય છે.

હરભમ સુથાર કાળા તલાવથી ૫૦ ગાઉ ચાલતાં-ચાલતાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા માટે ભુજ આવ્યા. તેઓ સદ રામાનંદ સ્વામીના શિષ્ય હતા તેથી તેમને સત્સંગમાં પોતાના જૂનાપણાનું માન રહેલું. જેથી તેઓ ચાલતા આવતા હતા. ત્યારે અનેક અપેક્ષાઓ સેવી હતી, જેમ કે હું ભુજ જઈશ એટલે મહારાજ મને સભામાં આગળ બેસાડશે, હાર પહેરાવશે, મારું નામ લઈ સંબોધશે, મહારાજ સન્માન કરાવશે - એવી ઠરાવ સોતી અપેક્ષાઓ રાખીને તેઓ દર્શન કરવા આવેલા. જેમનાં દર્શન કરવા આવ્યા હતા તેમની આગળ પણ આવી ઠરાવ સોતી અપેક્ષાઓ સેવી હતી. પરંતુ ઠરાવીના ઠરાવ છોડાવવા એ તો શ્રીજી મહારાજનો શોખ હતો.

હરભામ સુથાર સભામાં આવ્યા. દંડવત કરી શ્રીજીમહારાજને 'જય સ્વામિનારાયણ' કહ્યા, પરંતુ શ્રીજીમહારાજે તેમની સામું પણ જોયું નહીં. તેથી પોતાની અપેક્ષાઓનો કૂચો થઈ ગયો. હરભમ સુથાર દુઃખી થઈ ગયા અને કાયમ સભામાં આગળ બેસતા હોવા છતાં પાછળ બેસી ગયા. જેમના દર્શન કરવા આવ્યા હતા. એવા શ્રીજીમહારાજને વિષે પણ મનુષ્યાકારે બની સંકલ્પ-વકલ્પે ચડી ગયા. સંતો-હરિભક્તોનો અને સત્સંગનો અભાવ આવવા માંડ્યો અને દુઃખી દુઃખી થઈ ગયા. ઠરાવ સોતી અપેક્ષા ન સંતોષાતાં માત્ર હરભમ સુથાર જ નહિ, ઠરાવ રાખનાર તમામ દુઃખી થાય છે. આ સર્વે કરતાં આપણે સુખી થવા માટે છોડવાનો છે માત્ર પોતાનો ઠરાવ.

એટલે જ પ.પૂ. સ્વામીશ્રીએ આપણને 'હરિને ગમે એવા થવું જ છે'ના કૃપા વાક્યમાં શીખવાડ્યું છે કે, ''સત્સંગમાં કોઈ પ્રકારની અપેક્ષા ન રાખવી. હારની, માનની, પ્રસાદીની, બોલાવે-ચલાવે એની, વખાણની, માથે હાથ મૂકે તો સારું એવી અપેક્ષા પણ ન રાખવી. જો અપેક્ષા ન સંતોષાય તો ઉપેક્ષા જન્મે. મહારાજને મોટા પુરુષ અંતર્યામી છે. તેમના અંતર્યામીપણાનો સ્વીકાર કરવો'' મહારાજ અને મોટા પુરુષ અંતર્યામી જ છે. તે બધું જ જુએ છે અને જાણે છે ત્યારે એમની આગળ આપણી ઠરાવ સોતી અપેક્ષા કેવી ? માટે આપણા જીવનમાંથી ઠરાવી અપેક્ષાનો ત્યાગ કરવાનો ઠરાવ રાખવો.

અપેક્ષાઓ સેવાય તો જ પ્રગતિ થાય પણ વધુ પડતી અપેક્ષા પ્રગતિ તો નહિ પણ ક્યારેક વધુ પડતી દુઃખી કરી નાખે છે.

*- સાભાર : સર્જનહારમાંથી*

# અપેક્ષા વગર પ્રગતિ શક્ય જ નથી

■ અલ્પા વી. વસા

જન્મતા જ જેમ પ્રાણ સાથે ભૂખ અને તરસ આવે છે, જે દેખાય છે. એમ દબાતે પગલે માન અને અપેક્ષા પણ આવે જ છે, જે ધીરે ધીરે મહેસુસ થાય છે. આ અપેક્ષાનો બાહ્ય-ઉપરી અર્થ આશા, ઈચ્છા એવો થાય છે. પણ આપણે તો અપેક્ષાનો મતલબ, વ્યાખ્યા જ સમૂળગી બદલી નાખી છે. ''આપણા કરેલા કોઈ પણ કાર્ય સામે મળવું જોઈતું વળતર''. આ આપણો કરેલો અપેક્ષાનો અર્થ. આમ આપણા સારા કાર્યનો વેપાર કરી લઈએ છીએ.

સજીવમાં ફક્ત મનુષ્યમાં જ આ અપેક્ષા નામનું દોષયુક્ત બીજ રોપાયું છે. લોકો માટે તમે ત્યાં સુધી જ સારા છો, જ્યાં સુધી તમે તેમની અપેક્ષા પૂરી કરશો. એ જ રીતે લોકો તમારા માટે ત્યાં સુધી જ સારા છે, જ્યાં સુધી તમે તેમની પાસે કોઈ અપેક્ષા ન રાખો. હવે આ બીજ આપણામાં રોપાઈ જ ગયું છે, તો તેનો વિકાસ જ ન થાય તેની સતત જાગૃતિ રાખવી અને ખાસ કરીને ધ્યાન રહે કે, 'અંગત' પાસેથી અપેક્ષા રાખવી એ ગુનો નથી, પણ 'અપેક્ષા' માટે અંગત બનવું એ ગુનો છે. જગમાં કોઈનો સ્નેહ ક્યારેય ઓછો હોતો નથી, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

*ક્યારેક બીજાના સારા શબ્દોની, તો ક્યારેક સારા વર્તનની. ક્યારેક સમય પાસે, તો ક્યારેક સંજોગો પાસે. ક્યારેક ખુદ પાસે, તો ક્યારેક ખુદા પાસે. ક્યારેક દિલ પાસે, તો ક્યારેક જિંદગી પાસે. અસંતોષી મનની અપેક્ષાઓ જાગતી સદા રહે.*

આમ તો આશા, અપેક્ષા ને ઈચ્છા એ જીવનની આગળ વધતી ગાડીનું ઇંધણ છે. હા, અપેક્ષા વિના પ્રગતિ શક્ય જ નથી, પણ બીજા પાસે અપેક્ષા રાખવા કરતા ખુદ પોતાની પાસે જ અને વાજબી અપેક્ષાઓ રાખવી જોઈએ.

માણસ દુઃખી થાય છે, તેને ડિપ્રેશન આવે છે. તેને માટે કારણભૂત છે એના પૂર્વગ્રહો, માન્યતાઓ અને મહદ્અંશે તેની અપેક્ષાઓ, સૌથી પહેલા વિચારવાનું છે કે, હું બીજા પાસેથી આટલી અપેક્ષાઓ રાખું છું, તો શું હું તેમની અપેક્ષાઓ પૂરી પાડું છું? બસ, આ સવાલનો જવાબ મળી જાય તો જરૂર આપણી અપેક્ષા ઘટી જાય.

મનુષ્યની શું વાત કરીએ? ઈશ્વરને પણ અપેક્ષા હતી કે માનવી પ્રેમનું મંદિર બનાવે. એ માટે શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે, ''કર્મ કરે જા, ફળની આશા (અપેક્ષા) નહીં રાખ'' તો નક્કી કરીએ કોઈ પણ અપેક્ષા વગર હંમેશાં સારું જ કરવાનો પ્રયત્ન કરીશું. સાહેબ, ખબર છે ને, જે લોકો ફૂલ વહેંચે છે તેમના હાથમાં સુગંધ રહી જ જાય છે. આપેલા દાનનું મહત્ત્વ પણ ત્યારે જ રહે છે, કે જ્યારે એમાં નામ, પદ અને બદલાની અપેક્ષા ન હોય.

પ્રણ લઈએ, અપેક્ષાઓ ત્યજીને પ્રેમ, વાત્સલ્ય અને સમજણના દિપક સદા પ્રજ્જવલ્લિત રાખીશું.



# અપેક્ષાઓનો અતિરેક

■ હીરલ હેમાંગ ઠકરાર

ક્યાંક ને ક્યાંક બીજા પાસે રખાતી અપેક્ષાઓનો અતિરેક ઘાતકી પૂરવાર થતો હોય છે, સમયસર રોકી લેવામાં ના આવે તો ઘણાં ભોગ લે છે જરા જોઈએ.

આજે ટીવી પર રિયાલિટી શો પર જોતા આવીએ છીએ, પાંચ છ વર્ષના બાળકને એટલી બધી ટ્રેનિંગ અપાતી હોય, સ્પર્ધામાં વિજેતા બનવાની હોડમાં શામેલ કરી દેવાતા હોય છે... આ કુમળા બાળ માનસ પર તેની કેવી અસરો થાય છે ? એની દરકાર આજે કોણ લે છે ?... માતાપિતા દ્વારા બાળકો પાસે રાખવામાં આવતી આવી અપેક્ષાઓ થકી બાળકની 'નિર્દોષતાનો ભોગ' લેવાય છે.

આજની યુવા પેઢીમાં ધીરજ અને સહનશીલતાની કમી જોવા મળે છે, એવામાં પરિવાર અને વડીલો તરફથી રાખવામાં આવતી અપેક્ષાઓ કોઈ પણ કારણસર પૂરી નહીં કરી શકનાર નાસીપાસ થઈ આત્મહત્યા જેવું ઘાતકી પગલું ભરી લે,

''સારા માર્કસથી ઉત્તિર્ણ ના થતાં ડિપ્રેશનનો ભોગ બની આપઘાત કર્યો, સારી નોકરી ના મળતાં નાસીપાસ થઈ મોતને વહાલું કર્યું''

આવા કાંઈ કેટલાં સમાચારોથી અખબારના પન્નાં છલકાય છે, કહેવાનું માત્ર એટલું ક્યારેય અપેક્ષાઓના અતિરેકથી કોઈના 'જીવનનો ભાગ' લેવાય છે.

આજકાલ લગ્ન જેટલી ઝડપથી તુટી પણ જતાં હોય છે, ત્યાં પણ આ પરિબળ કોઈ રીતે અસર કરતું જ હોય છે. પહેલાં પ્રેમીયુગલ હોય બસ આનંદ પ્રમોદ, આકર્ષણ અને ધસમસતી લાગણીઓનો ઉન્માદ. જ્યારે લગ્નબંધને બંધાય ત્યારે વરવી વાસ્તવિકતા સ્વીકારવી પડે છે, જવાબદારીઓ નિભાવવી પડે છે અને ત્યારે એકબીજા પાસે રાખવામાં આવેલી અપેક્ષાઓ પૂરી થઈ શકતી નથી અને નાના નાના ઝગડાઓની શરૂઆત થાય છે. આરોપ પ્રત્યારોપ થાય... તમે તો આવા નહોતાં, તમે મને પ્રેમ કરતાં નથી, તું બદલાઈ ગઈ, તારી પાસે મેં આવી અપેક્ષા નહોતી રાખી વગેરે વગેરે... અને આખરે અપેક્ષાઓના અતિરેકથી 'સંબંધોનો ભોગ' લેવાય છે.

આજે સંયુક્ત પરિવારો જુજ જોવા મળે છે, બંધન કોઈને ગમતું નથી... સૌને આઝાદી જોઈએ છે, એ જ કારણ છે કે વૃદ્ધાશ્રમોનું પ્રમાણ વધતું જોવા મળે છે, આખી જિંદગી કષ્ટ વેઠી સંતાનોને મોટા કરનાર વડીલો બોજ લાગે છે એ વૃદ્ધાવસ્થાનો સહારો એવાં સંતાનો માતાપિતાને છોડી જતાં રહે છે ત્યારે એમની અપેક્ષાઓ ઠગારી નીવડે છે અને 'વિશ્વાસનો ભોગ' લેવાય છે.

હા, અપેક્ષાઓ રાખો તો બસ ખુદની જાત પાસે રાખો... કારણ મનુષ્ય કદી ખુદને હારતો જોવા નથી માંગતો અને જાત પાસે રાખેલી અપેક્ષાઓ પૂરી કરવા માટે કાંઈપણ કરી છુટે છે... માટે જ કહું છું સુખી થવું હોય તો પોતાની જાત સિવાય કદી કોઈ પાસે અપેક્ષાઓ રાખો જ નહીં.

---

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.

ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૬૯૫૬૬૯૯

લિ. સેક્રેટરી જનરલ

જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

# દક્ષિણ ભારતીય વાનગી 'અપ્પમ'

હવે તો સાઉથ ઈન્ડિયન વાનગીઓ આખું ભારત ખાય છે. ઈડલી-વડાને ઢોસા તો વર્ષોથી ખવાય છે, પણ અપ્પમ એવી વાનગી છે જે બહુ પૌષ્ટિક અને જુદા પ્રકારની છે. અપ્પમ પણ હવે બધા લોકોને ગમે છે, પણ તેને કેવી રીતે બનાવીને ખાવી તેની રેસિપી અહીં પ્રસ્તુત છે. આ વાનગી બનાવવી બહુ સરળ છે. તેને ઝડપથી બનાવી શકાય છે. આથી તાત્કાલિક વાનગી બનાવવા માટે આ બહુ સારી છે. આ અપ્પમને હળવા મીઠા નારિયળના દૂધ અને વેજિટેબલ કોરમા સાથે પીરસીને એક પર્યાપ્ત ભોજન બનાવી શકાય છે. ખીરું પલાળવાનો સમય બેથી ત્રણ કલાક. તૈયારીનો સમય ૧૭ મિનિટ. રાંધવાનો સમય ૧૫ મિનિટ. તેને પલાળવાનો સમય ૨ થી ૩ કલાક. કુલ સમય છ કલાક ૩૦ મિનિટ. ૧૦થી ૧૫ અપ્પમ માટેની સામગ્રી આપેલી છે.

**સામગ્રી** : ૨ ચમચી ચોખા

૧/૨ કપ રાંધેલા ભાત

૨ કપ નારિયેળનું દૂધ

૨ ચમચી સાકર

૧/૨ ચમચી સૂકું ખમીર

નારિયેળનું તેલ (સિંગતેલ પણ ચાલે) અન્ય તેલ. ચોપડવા અને પકાવવા માટે.

**વેજિટેબલ કોરમા બનાવવાની રીત**

ચોખાને ધોઈને પાણીમાં ૨ થી ૩ કલાક માટે પલાળી દેવા. પછી તેમાંથી પાણી કાઢી નાંખવું. પલાળેલા ચોખા અને રાંધેલા ભાત અને ૧/૨ કપ નારિયળનું દૂધ ભેગું કરીને મિક્સરમાં પીસીને મુલાયમ મિશ્રણ તૈયાર કરવું. તે પછી સાકર, બચેલું અડધો કપ નારિયળનું દૂધ અને મીઠું નાંખીને બધું સારી રીતે ભેળવી નાંખવું.

ખમીરમાં થોડું પાણી નાંખીને તેને સારી રીતે ભેળવી દેવું. તેને ભાતના મિશ્રણમાં નાંખીને સારી રીતે ભેળવી દેવું. તેને બહુ વધારે પાતળું કે જાડું ન કરવું. તેને ઢાંકી દેવું અને આથો આવે તે માટે બેથી ત્રણ કલાક સુધી રાખી દેવું.

અપ્પમ માટેની લોઢી કે નૉનસ્ટિક તવાને ગરમ કરવું અને તેમાં તેલ ચોપડીને એક ચમચી પેલું ખીરું કઢાઈ પર નાંખીને તેને હલકા હાથે ગોળાકારમાં પાથરી દેવું. કિનારી પાતળી રાખવી અને વચ્ચેનો ભાગ થોડો જાડો રાખવો.

તેને ઢાંકીને એક મિનિટ માટે પકાવી લેવું. વચ્ચેનો ભાગ ફૂલી જશે.આમ, તમારું અપ્પમ તૈયાર થઈ જશે. બાકીનું ખીરું લઈને આવી જ રીતે બીજા અપ્પમ બનાવી લેવા.

## સત્ય અને અસત્ય

અસત્યનું આયુષ્ય ખૂબ જ ટૂંકુ હોય છે. એની જેને ખબર છે એવાં લોકો અસત્ય સાથે અસ્પૃશ્યતા રાખે છે. જેને દુનિયા સતજન એટલે કે સજ્જન તરીકે ઓળખે છે. અસત્યનું આયુષ્ય ખૂબ જ ટૂંકુ છે, એની જેને પૂરેપૂરી ખબર છે, તેમ છતાં અસત્યને ભાવુકતાનાં ઈન્જેક્શન અને આંસુના ડોઝ આપી આપીને ટકાવી રાખવાના જે મરણિયા પ્રયાસ કર્યે રાખે છે, દુનિયા રાજકારણી તરીકે ઓળખે છે. સત્યને બનાવટ કરતાં આવડું નથી. અસત્યને બનાવટ સિવાય બીજું કશું આવડતું નથી. સત્યને છેતરપિંડી સાથે બારમો ચંદ્રમાં છે. અસત્યને છેતરપિંડીભર્યું જીવન જ સદી ગયું હોય છે. ટૂંકમાં અસલી નદી અને ચિતરેલી નદીમાં બહુ મોટો ફરક હોય છે!

*- હર્ષદ પંડ્યા, સંદેશ*

# ગૌમૂત્રથી છાણ: ગોલ્ડન કૉમોડિટીઝ

દર્શના વિસરીયા

જેનું આપણા જીવનમાં બહુ મૂલ્ય નથી એવા ગૌમૂત્ર-છાણે હવે લાખો રૂપિયાની ઈન્ડસ્ટ્રી બની ગયાં છે. અનેક વિદેશી કંપનીઓ આ દેશી પ્રોડકટનો ઉપયોગ કરીને કરોડોમાં કમાણી કરે છે.

ગાય... આપણામાંથી મોટાભાગના લોકોને ગાયના દૂધ, ઘી અને તેમાંથી તૈયાર કરનારાં ઉત્પાદનોની માર્કેટ અને ઈન્ડસ્ટ્રી વિશેની જ માહિતી છે. પણ આજે આપણે અહીં વાત કરીશું ગાયના છાણ અને ગૌમૂત્રની નવી નવી વિકસી રહેલી ઈન્ડસ્ટ્રી અને તેના ફાયદાઓ વિશે. હવેતમનેથશે કે આ તો એક વેસ્ટ આઉટપુટ એટલે કે મળમૂત્ર છે, તેમાંથી વળી શું ફાયદો થવાનો? પણ તમને જાણીને કદાચ આશ્ચર્ય થશે કે આ મળ-મૂત્રની પણ હાલમાં કરોડોની ઈન્ડસ્ટ્રીછે, જેના પર જો વ્યવસ્થિત ધ્યાનમાં આપવામાં આવશે તો તે વર્ષના અબજો રૂપિયાનું ટર્ન ઓવર કરવા માટે સક્ષમ છે.

૨૦૧૭મા જ એક પ્રધાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આ અંગેની રજૂઆત કરી હતી એટલું જ નહીં પણ એ પ્રધાને તો ત્યાં સુધી જણાવ્યું હતું કે ‘ગાયના મળમૂત્ર વેચીને ખેડૂતોવર્ષે વધારાની રૂા. ૫૦થી ૬૦ હજારની આવક કરી શકે છે. જરૂરછે માત્ર લોકોને આ દિશામાંપ્રેરિત કરવાની. એટલુંજ નહીં, જે ગાય દૂધાળુ નથી અને તેમની અવગણના થઈ રહી છે એવા ગૌવંશ પાસેથી પણ મળ-મૂત્રની મદદથી પાક રળી શકાય છે. આ આખા કોન્સેપ્ટને પ્રધાને ડ્રાય ડૅયરી એવું નામ આપ્યું હતું. આ ડ્રાય ડૅયરીના માધ્યમથી ખેડૂતો જૈવિક ખેતી કરવા માટે પ્રેરાશે. ગૌમૂત્ર અને મનુષ્ય બળની મદદથી તૈયાર કરવામાં આવેલા એમિનો એસિડ, જૈવિક ખાતરનો ઉપયોગ કરીને ખેતી કરવામાં આવે તો ખેતીના ઉત્પાદનમાં પણ ૨૫થી ૩૦ ટકાનો વધારો કરી શકાય છે.’

જોકે આપણે હજી પણ આ બાબતને ખૂબ ગંભીરતાથી લેતા નથી. આપણા માટે ગૌમૂત્ર અને છાણનો ઉપયોગ ધાર્મિક ક્રિયાઓ પૂરતો જ મર્યાદિત છે, પણ ભારતના નાના-નાના અંતરિયાળ ગામડાઓમાં આ નવા પરિવર્તનની શરૂઆતથી રહી છે અને તેનું જીવતું જાગતું ઉદાહરણ છે જાલોરનું સાંચોર.

સાંચોરમાં ભારતનો પહેલો ગૌમૂત્ર રિફાઈનરી પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે અને આ ગૌમૂત્રથી આજે દેશભરમાં ફેલાઈ રહેલી ડાયાબિટીસ અને હાર્ટઍટેક જેવી બીમારીઓને ના થવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અહીં છાણ બે રૂપિયા કિલોના ભાવે અને પાંચ રૂપિયા લિટરના ભાવે ગૌમૂત્ર ખરીદવામાં આવે છે. ગૌશાળામાં પહેલા નાના પાયે અર્ક બનાવવામાં આવે છે અને તેમાંથી વિવિધ પ્રકારની ઔષધીઓ તૈયાર કરવામાં આવે છે.

ખેડૂતો જ્યાં સુધી ગાય દૂધ આપે છે ત્યાં સુધી જ તેનું ભરણપોષણ કરે છે અને જેવું તે દૂધ આપવાનું બંધ કરે છે એટલે તેને મરવા માટે રસ્તા પર છોડી દે છે. આવા સમયે જો ખેડૂતોને આ ગાયના છાણ અને મૂત્રમાંથી કમાણી થવા લાગે તો ખેડૂત પણ ગાયને સાચવશે અને તેમાંથી તેને નાનકડી તો નાનકડી આવક પણ ચોક્કસ જ થશે. છેલ્લા કેટલાક સમયથી દેશી ગાયના ગૌમૂત્રની માગણી વધી રહી છે અને આ એક હૉટ કોમોડિટી બની રહી છે. એટલું જ નહીં એક સમય એવો પણ આવશે કે જ્યારે આ ગૌમૂત્રનું વેચાણ દૂધના વેચાણના આંકડાને પણ પાર કરી જશે, એવો વિશ્વાસ આ ક્ષેત્રના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. જોકે કેટલાક લોકો આનો શ્રેય પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગૌરક્ષાની પહેલને પણ આપી રહ્યા છે. મોદી સરકારે છેલ્લાં બે વર્ષમાં ૫.૮ અબજ રૂપિયાનો ખર્ચ ગૌશાળા પર કર્યો છે.

નાગપુરમાં આવેલા ગો-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્રના વરિષ્ઠ અધિકારી આ અંગે જણાવે છે કે ‘‘ગૌમૂત્રની મદદથી ઘરમાં ૩૦ થી વધુ પ્રકારની દવા તૈયાર કરી શકાય છે અને આ અમૃત દેશના દરેક નાગરિક સુધી પહોંચે એ વધુ મહત્ત્વનું છે. આવી જ સ્થિતિ બુલંદ શહેરની પણ છે. ગૌમૂત્રમાં કેટલાં બધાં એવા તત્ત્વ છે જે શ્રેષ્ઠ એન્ટિબાયોટિક અને રોગનો ધરમૂળથી નાશ કરનારા બની રહી છે.

આપણા ગર્વીલા ગુજરાતના જૂનાગઢની એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ તો ત્યાં સુધી કહ્યું છે કે ગીરની જે ગાયો હોય છે તેમના મૂત્રમાં સોનાનાં તત્ત્વો જોવા મળ્યા છે અને તેઓ આ નિષ્કર્ષ પર એમને એમ નથી આવ્યા પણ આશરે ચારસોથી સવાચારસો નમૂનાઓનો અભ્યાસ કરીને તેઓ આ નિષ્કર્ષ પર આવ્યા હતા. ગીર અને થારપરકર પ્રજાતિની ગાયના ગૌમૂત્રની એટલી બધી ડિમાન્ડ છે એક લિટર ગૌમૂત્ર રૂા. ૧૫થી ૩૦ રૂપિયામાં વેચાય છે. ગાયના ગૌમૂત્રના આરોગ્યદાયી ફાયદાઓથી તો આપણે વાકેફ છીએ જ. પણ ગાયનું છાણ પણ એટલું જ ગુણકારી હોય છે અને તેનો પુરાવો છે કે ગાયા છાણમાંથી કુદરતી કીટકનાશક એટલે કે પેસ્ટિસાઈડ, ગોબર ગૅસ ઉપરાંત ગોબરમાંથી ઈંટ, ઘરમાં ઉપયોગમાં લેવાતી મૅટ તથા ઍરપ્યુરીફાયર બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ગૌમૂત્રમાંથી ફેશિયલ, સાબુ અને ફેશવૉશ જેવા અન્ય સૌંદર્ય ઉત્પાદનો બનાવવા અંગે પણ વિચાર કરાઈ રહ્યો છે.

કચ્છમાં પણ પાજંરાપોળ અને ગૌશાળાનું પ્રમાણ વધુ છે અને ત્યાં છાણ અને ગૌમૂત્ર મળવાનું પ્રમાણ વધારે છે. આ મળમૂત્રનું કરવું શું એવો પ્રશ્ન ઘણી વખત નડે છે, પણ આખરે ખાતર તરીકે આ બંનેનો ઉપયોગ ખેતી માટે જ કરવામાં આવે છે. કચ્છમાં પણ હવે છાણામાંથી લાકડાં બનાવવાની નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ લાકડાંનો ઉપયોગ સ્મશાનમાં કરવામાં આવે છે. છાણમાંથી તૈયાર કરવામાં આવેલા આ લાકડાંના અનેક ફાયદા થાય છે. આ ઉપરાંત ત્યાં આ છાણમાંથી કૂંડાઓ પણ તૈયાર કરવામાં આવે છે. જેને કારણે માટીના કૂંડા બનાવવા માટે કરવામાં આવનારા માટીના ધોવાણ પર પણ નિયંત્રણ લાવી શકાશે.

છાણ અને ગૌમૂત્રના આવા મલ્ટિપલ ઉપયોગના ફાયદા પણ મલ્ટિપલ છે જેવા કે એક તો ખેડૂતને કે પશુપાલકને છાણનું વળતર મળી રહે છે, બીજું રસ્તા પર ગંદકી રહેતી નથી. ત્રીજું અને સૌથી મહત્ત્વનો ફાયદો એટલે કે લાકડાં માટે વૃક્ષોનું જે આડેધડ નિકંદન કાઢવામાં આવે છે તે બંધ થઈ જાય અને પર્યાવરણમાં ફેલાવનારા પ્રદૂષણ પર પણ નિયંત્રણ મેળવી શકાય છે. જો કે આ બધી શરૂઆત તો હજી નાના પાયે જ કરવામાં આવી છે, તેનો વિસ્તાર થતાં અને લોકોમાં આ અંગે જાગરૂકતા આવે એ માટે તો હજી કદાચ સમય લાગશે. સરકાર પણ આ પ્રકારના ઉધોગ કરનારાઓને આર્થિક ફાયદો આપવાનો વિચાર કરી રહી છે.

ભણેલાં-ગણેલાં લોકો પણ હવે ગૌમૂત્ર અને છાણના ફાયદાથી માહિતગાર થયા બાદ એ તરફ વળી રહ્યા છે. એન્જિનિયરિંગનો અભ્યાસ કરનાર લખનઉના એક ૨૫ વર્ષીય યુવકે તો ગૌમૂત્ર ખરીદવા કે વેચવા માટે એક ખાસ પ્રકારની ઍપ્લિકેશન જ ડેવલપ કરી છે એ સાડાત્રણ હજારથી વધુ ખેડૂતો આ એપ્લિકેશન સાથે જોડાઈ ચૂક્યા છે. એપ્લિકેશનના માધ્યમથી જ ખેડૂતને પૈસા પણ મળી જશે.

દેશ-વિદેશમાં ગૌમૂત્રની માગણી વધી રહી છે. અનેક કંપનીઓ આ ગૌમૂત્રમાંથી વિવિધ ઉત્પાદનો બનાવીને વેચી રહી છે અને આપણી પાસેથી વિદેશી પ્રોડક્ટના નામે મોં માગ્યા પૈસા પડાવી રહી છે. ખેર આપણે ત્યાં તો કહેવત જ છે ને કે ઘર કી મુર્ગી દાલ બરાબર. આપણી પાસે રહેલી આટલી અમૂલ્ય વસ્તુની આપણે કદર નથી કરતાં પણ વિદેષી કંપનીઓને તેનું મૂલ્ય બરાબર ખબર છે, એટલું જ નહીં તે લોકો તેને અપનાવવા પણ માગે છે. આ જ સમય છે કે આપણે આ મામલે જાગૃત થવું જ પડશે, નહીં તો આપણી આ અમૂલ્ય જણસ એ આપણી નહીં કોઈ બીજાની થઈને રહી જશે!

*- સાભાર : કાઠિયાવાડ જૈનમાંથી*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | રોમલ યોગેશ શાહ, ૯-૧૨-૮૫, ૫-૬’<br>B.A. – સર્વિસ | જૈન દેરાવાસી<br>જેઠાણા – વિલે પાર્લે | (મો) ૨૬૧૧૬૨૧૦<br>(મો) ૯૮૨૦૬૨૩૭૨૮ |
| ૨) | આકાશ રમેશચંદ્ર શાહ, ૧૫-૩-૧૯૭૫, ૫’-૮’’<br>BEIT.,Engg. – સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી જૈન<br>ગુજરાત- સી.એ., યુ.એસ.એ. | (ઘર) ૯૩૭૫૭૧૫૩૨૯<br>(મો) - |
| ૩) | વિશાલ હસુભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮ ૫’-૮’’<br>B.Com.,- બિઝનેસ | દેરાવાસી જૈન<br>લાઠીદળ – બોરીવલી | (ઘર) -<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૪) | રાજન મહેતા, ૭-૪-૧૯૮૫ ૫’-૧૦’’<br>H.S.C. with diploma gra. design - બિઝનેસ (છુટાછેડા) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વરાદિયા – ગુજરાત – ઘાટકોપર | (ઘર) ૦૨૨૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫’-૭’’<br>B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ – મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫<br>(મો) ૯૮૨૧૦૧૪૧૫૨૦ |
| ૨) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫’-૭’’<br>M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨’<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત – અંધેરી (ઈ) | (ઘર) -<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |


Summer Vacation with NEXT Holidays

NEXT HOLIDAYS TOURS & TRAVELS

Rs. 47777/-

Excluding Flight Tickets

Package includes

* Desert Safari With Bbq Dinner
* Dhow Cruise With Dinner
* Half Day City Tour
* Burj Khalifa 124 Top
* Musical Fountain
* Dubai Mall
* Aquarium With Glass Tunnel
* Under Water Zoo
* Abu Dhabi City Tour
* Grand Mosque Tour
* Ferrari World
* Dolphin Show
* Glow Garden
* Art Park
* Bollywood Park
* Dinosaur Park
* Motion Gate
* Lego Land
* Lego Land Water Park
* 5 Dinner Coupons In Veg. Restaurants
* Pick up & Drop from Dubai Airport

Dubai Single Entry VISA

5 Night Stay in 3 Star Hotel
1 Night Stay in 5 Star Resort Lapita
All Hotel Taxes / Tourism Tax

DBL SHARING BASIS



Hiren Shah + 91 8108 2222 26 + 97 1556 1800 19
nextholidays7@gmail.com hiren.shah1965 www.nextholidays.info

* Above rates are subject to change do to any additional Taxes, Services, Road Toll implemented by Government without prior notice. All services included in packages are compulsory & No refund will be given of the services which are not taken & valid for minimum 2 pax traveling together. GST 5 % extra. Packages available for limited rooms.

ADVT

Ad Art

JITO
MUMBAI ZONE

# JITO UDAAN

## MARCH 15, 16 AND 17 2019

AT NESCO, MUMBAI

**INDIA'S BIGGEST JAIN CONCLAVE**

TRADE FAIR | SEMINARS & CONFERENCES | STARTUP PAVILION | JOB FAIR

**WHY VISIT ?** | **WHY EXHIBIT ?**

500+ Stalls Showcasing Products & Services

BUY SELL

Franchise
Dealership
JVs
Vendor
Registration

BUY SELL

50000+ Visitors from All Over India & Overseas

TRADE FAIR

**BOOK YOUR STALL NOW**

CONTACT : +917304854345 / +91 7304801208
Email: udaanstallbooking@gmail.com

**RIGHT PLACE FOR START-UPS**

- ✓ Opportunity to Exhibit at Concessional Rate
- ✓ Shark Tank Pitching Committed Investment Pool
- ✓ Boot Camp & Seminars

**ARE YOU LOOKING FOR A JOB**

- ✓ 500+ Job Vacancies from Various Sectors
- ✓ Internships Opportunity for Freshers
- ✓ On the Spot Interviews & Job Offer Letters

FOREIGN CONSULATE PAVILION | YOUTH ENTREPRENEURSHIP SUMMIT
JBN TRADE MEETINGS | CEO CONCLAVE | PROFESSIONAL FORUMS

To Stay Updated Give Missed Call On 7840015151

Advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021


# નીરવ ટુર્સના સથવારે માણો વિવિધ પર્યટન સ્થળો




મેઘાલય-આસામ-અરૂણાચલ

ત્રિપુરા-નાગાલેન્ડ-મિઝોરમ
મણીપુર-મ્યાનમાર

ભૂતાન-નેપાલ

આંદામાન-નિકોબાર

લક્ષદ્વીપ

કિન્નોર - લાહુલ - સ્પીતી

લેહ-લદાખ

કેરાલા-કર્ણાટક

ઉતરાખંડ-હિમાચલ

ઓરિસ્સા-મધ્યપ્રદેશ

સિક્કિમ-દાર્જીલીંગ

રાજસ્થાન

સમેતશિખરજી

કચ્છ રણોત્સવ

ઉપરોક્ત દરેક પ્રવાસમાં સામેલ ૩/૪ સ્ટાર હોટલો, આપણું સ્વતંત્ર રસોડું, હાઈ-ટેક એસી બસ/કાર, અમર્યાદિત બીસલેરી પાણી, સફર દરમ્યાન સૂકા નાસ્તા, ફ્રેશ ફ્રુટ, ડ્રાયફ્રુટના પેકેટો, બધુ જ સામેલ.

**ફેમીલી ગ્રુપ ટુર, હનીમુન કપલ તથા કસ્ટમાઈઝડ ટુરોના નિષ્ણાંત**

**નીરવ® ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

શોપ નં. ૧૭૦, બીજે માળે, રઘુલીલા મોલ, પોઈસર બસ ડેપોની પાછળ, કાંદીવલી (વેસ્ટ)

90046 67806
88280 37806
4978 7806


Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**

ADVT